પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૧૨/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ કારતક વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૨૯૦

**સુવિચાર**

જીત માટે પૂર્ણ મનોબળ જોઈએ.
ઈશ્વરને પ્રસન્ન કરો.
શબ્દોથી નહી કર્મથી પ્રસન્ન કરો.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

## બાબરા પંથકમાંથી ગઈકાલે 3 હજાર બોટલો કબ્જે કરાયા બાદ

# વડિયા ખાતેથી શંકાસ્પદ આયુર્વેદિક સીરપનો જથ્થો ઝડપાયો

**ગાંધીનાં ગુજરાતમાં દેશી-વિદેશી દારૂનું દુષણ બંધ થતું નથી ને અન્ય નશાકારક પદાર્થોનું વેચાણ વધતાં ચિંતા**

**નશો એ નાશનું મુળ હોવા છતાં પણ તંત્રની બેદરકારીથી નશાનું પ્રમાણ ઘટવાને બદલે વધી રહ્યું છે**

**સ્થાનિક પોલીસે કૃષ્ણપરા વિસ્તારમાંથી શંકાસ્પદ ૨૮૦ બોટલ ઝડપી લીધી**

**ગામમાં અલગ અલગ સ્થળોએ તપાસ શરૂ થતાં કફ સીરપનું વેચાણ કરતા શખ્સોમાં ફફડાટ**



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૧

સમગ્ર રાજયમાં હાલ નશીલી સીરપના કાળા કારોબારનો પર્દાફાશ થતો જોવા મળી રહ્યો છે. સમગ્ર રાજયમાં આ બાબતે પોલીસ સતર્ક બની છે. ત્યારે અમરેલી જિલ્લામાં પણ ગઈ કાલે બાબરા અને અગાઉ આ બાબતે જથ્થો પકડાયો હોવાથી સમગ્ર જિલ્લામાં પોલીસ સઘન તપાસ કરતા અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં કૃષ્ણપરા વિસ્તારમાં ઢોળવા રોડ પર રાજેશ વલ્લભભાઈ સાંગાણીના રહેણાંક મકાન અને તેની જ મહાદેવ પાન એન્ડ કોલડ્રિંક્સ નામની દુકાનમાં બાતમીના આધારે રેડ કરતા ત્યાંથી ૨૮૦ નંગ સીરપનો જથ્થો ઝડપ્યો હતો અને આ જથ્થો ઝડપાયા બાદ વડિયા પોલીસના ઈન્ચાર્જ પીએસઆઈ કે.એલ. ગળચર અને તેમની ટીમ અભેસિંહ મોરી, અશોકસિંહ કાછેલા, ભાવેશભાઈ મહેશદાસ ગઢવી દ્વારા શંકાસ્પદ તમામ દુકાનો પર રેડ કરવામાં આવી હતી. આ બાબત લોકોમાં ચર્ચાતી વિગતો મુજબ ઘણા સમયથી આ નશીલુ સીરપ વેચાય છે અને તે દારૂના વ્યસનીઓ આ સીરપનો ઉપયોગ રોજ નશા માટે કરતા હોવાનુ પણ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. હવે આ બાબતે વડિયા પોલીસ ઊંડી તપાસ કરીને આનુ પગેરૂં કયાં સુધી શોધે છે અને સપ્લાયર અને ઉત્પાદક સામે કેવી કાર્યવાહી કરે છે તે તો આવનારો સમય જ બતાવશે.

### પિપાવાવ મરીન પોલીસનો સપાટો

## ચાંચ ગામેથી શંકાસ્પદ આયુર્વેદિક સીરપની બોટલનો જથ્થો ઝડપાયો

**આરોપી વિષ્ણુ ચૌહાણ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

અમરેલી, તા. ૧

ગુજરાત રાજયમાં આર્યુવેદિક સિરપના નામે નશાયુકત પીણાની ગેરકાયદેસર પ્રવૃતિ અંકુશમાં લેવા ખાસ ડ્રાઈવનું આયોજન ભાવનગર રેન્જ આઈ.જી.ગૌતમ પરમારે કરેલ હોય, આ ડ્રાઈવ દરમિયાન ભાવનગર રેન્જના જિલ્લાઓમાં નશાયુકત પદાર્થો / પ્રવાહીનું ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમો ઉપર કાર્યવાહી કરવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે આ ખાસ ડ્રાઈવ અન્વયે અમરેલી જિલ્લામાં કફ સિરપ, અન્ય આયુર્વેદીક દવાઓના નામે આલ્કોહોલિક દવાઓનું ડોકટરના પ્રિસ્ક્રીપ્શન વગર પોતાના આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.



જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ આજે તા.૧/૧૨ નાં રોજ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હોય તે દરમિયાન એલ.સી.બી. ટીમ તેમજ પીપાવાવ મરીન પોલીસ ટીમને બાતમી રાહે હકિકત મળેલ કે,ચાંચ ગામે,બસ સ્ટેન્ડ પાસે વિષ્ણુ દેવજીભાઈ ચૌહાણ, રહે.ચાંચબંદર, (તા.રાજુલા), નામનો ઈસમ સીરપના નામે નશાયુકત પીણાનું વેચાણ કરે છે, જે હકિકત આધારે સંયુકત રેઈડ દરમિયાન વિષ્ણુ દેવજીભાઈ ચૌહાણને નશાકારક કેફી પીણાની કુલ બોટલ નંગ ૧૦૩ કુલ રૂપિયા ૭,૬૯૦ના મુદ્દામાલ. સાથે પકડી પાડી, પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં સોંપી આપી, આઈ.પી.સી. કલમ ૩૩૬ તથા પ્રોહીબીશન કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી) મુજબ ગુનો રજી. કરી, કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### થોડા મહિના પહેલા ઝડપાયા બાદ પુનઃ ધંધો શરૂ કેવી રીતે શરૂ કર્યો

## બાબરાનાં નગરસેવિકાનાં પતિ નશાકારક સીરપનું વેચાણ કરવાનાં આશીર્વાદ કોની પાસેથી મેળવતા હતા ?

**સ્થાનિક પોલીસની કામગીરી પણ શંકાનાં દાયરામાં આવી રહી છે**

બાબરા, તા. ૧

બાબરામાંથી નશાકારક કહી શકાય તેવા સીરપનો જથ્થો ગઈકાલે ઝડપાયા બાદ આજે આકસ્મિક રીતે સ્થાનિક પીએસઆઈની બદલી કરવામાં આવી છે.

બાબરા ભાજપનાં નગરપાલીકા નાં વોર્ડ નંબર ૧માંથી ચૂંટાતા મહિલા સભ્યનાં પતિનાં ઘરેથી ગત કાલે ત્રીજી વાર ૩૦૦૦ હજાર આયુર્વેદીક સીરપની બોટલો ઝડપાતાં ચકચાર મચી ગઈ હતી . અગાઉ બે વાર પોલિસ ઝપટે ચડી ગયેલ મૂળશંકર તેરૈયાએ કેમ આ સીરપ વેચવાનું બંધ ના કર્યુ . બે વાર ઝપટે ચડી ગયા બાદ પણ પોતાનો ધંધો શરૂ રાખ્યો, કોની રહેમ નજરે આ ખૂલેઆમ વેચાણ કરવામાં આવ્યું એ ચર્ચાએ પણ શહેરમાં જોર પકડયું છે.

નડિયાદનાં ગામડામાં પાંચ લોકોનાં આવા ઝેરી સીરપ પીવાથી મુત્યુ નિપજયા અને છેક ઉપરથી આદેશ આપ્યા કે આવા સીરપનું વેચાણ થતું હોય ત્યાં ચેકીંગ કરવું અને રેડ કરી વેચાણ કરતાં લોકો પર કાયદેસરની કાર્યવાહી કરવી. આવા આદેશ બાદ બાબરામાં ખુલ્લેઆમ વેચાણ કરતાં લોકો પર નાં છૂટકે બાબરા પોલીસને પગલાં ભરવા પડયા. આટલાં સમયથી વેચાણ થતું હતું ત્યારે શું આ બાબતને લઈને સ્થાનિક પોલીસ અજાણ હતી તો ઉપરથી આદેશ આપ્યા તો કેમ

અનુસંધાન પાના ૬ ઉપર

### બનાવટી ખાધપદાર્થો બાદ બનાવટી તબીબથી પણ પરેશાની

## સા.કુંડલાનાં મણીનગરમાંથી ઉઘાડપગા તબીબ રફીકભાઈ જાદવની અટકાયત

**બેઈમાની જેવી સમસ્યા વિકરાળ બની ચૂકી છે**

અમરેલી, તા. ૧

સાવરકુંડલા,મણીનગર વિસ્તારમાં રહેતા રફીકભાઈ વલીમહમદભાઈ જાદવ પાસે કોઈપણ પ્રકારની સરકાર માન્ય એલોપેથીક

અનુસંધાન પાના ૬ ઉપર

**અમરેલી એક્સપ્રેસ દૈનિકમાં એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે**

અમરેલી જિલ્લાના સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિકની વાર્ષિક લવાજમ યોજના ૧ લી જાન્યુઆરી-૨૦૨૪ ના રોજ શરૂ થઇ રહી છે.
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.

મનોજ રૂપારેલ
તંત્રી
મો. ૯૮૨૫૦ ૦૭૪૪૩

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

**હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે**

મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)

નર્સીંગ સ્ટાફ
G.N.M./A.N.M./G.D.M./B.Sc.Nursing
પગાર ધોરણ : ૯,૦૦૦/- થી ૧૧,૦૦૦/-
લેડીઝ પર્સન : રાત્રિ માટે (Night shift)

મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)

ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં

નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



# ગોપાલગ્રામ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આગમન



જન જન સુધી જનકલ્યાણની યોજનાઓ પહોંચાડવાના ઉત્તમ હેતુસર શરૂ થયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા ગોપાલગ્રામ ખાતે ધારાસભ્ય જે.વી.કાકડીયાની ઉપસ્થિતિમાં આવી પહોંચી હતી. આ યાત્રા ને સફળ બનાવવા ગોપાલગ્રામના સરપંચ હરેશભાઈ વાળા તથા ઉપ–સરપંચ ગૌતમભાઈ વાળા દ્વારા ગોપાલગ્રામ ખાતે સમગ્ર આયોજન કરવામાં આવ્યું. આ તકે જિલ્લા પંચાયત સભ્ય તાલુકા પંચાયત સભ્ય, પ્રાંત સહિતના અને અલગ અલગ વિભાગના અધિકારીઓ અને મહાનુભવાઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહેલ.

### સાવરકુંડલાનાં બાઢડા ગામના આયુષ્યમાન કાર્ડ લાભાર્થી મનિષભાઈ ડી. વાઘોરા કહે છે

## મારા પિતાજીને કેન્સર હતુ, અમારી પાસે આયુષ્યમાન કાર્ડ હોવાથી વિનામૂલ્યે સારવાર મળી

### પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાનો લાભ છેવાડાનાં લાભાર્થી સુધી પહોંચી રહ્યો છે

અમરેલી તા. ૧

ભારતના નાગરિકોને આરોગ્ય સુરક્ષા મળી રહે તે માટે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮માં આરોગ્ય કવચની જાહેરાત કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત લાભાર્થીઓને આરોગ્ય સુરક્ષા કવર સ્વરૂપ આયુષ્માન કાર્ડ આપવામાં આવે છે. શરૂઆતમાં આ આયુષ્માન કાર્ડની મદદથી લાભાર્થીને રૂા.૫ લાખ સુધીની સારવારના ખર્ચ માટેનો લાભ મળી શકતો હતો. હવે આ યોજના અન્વયે આયુષ્માન કાર્ડ ધારક રૂા.૧૦ લાખ સુધીની મર્યાદામાં સારવાર ખર્ચનો લાભ મેળવી શકે છે.

વર્ષ–૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજયમાં યોજાઈ રહેલી ' વિકસિત ભારત સંકલ્પયાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. લાભથી વંચિત હોય તેવા લાભાર્થીઓને આપણો સંકલ્પ– વિકસિત ભારત અંતર્ગત વિવિધ યોજનાકીય સહાયનો લાભ મળી રહે તે માટે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. લાભાર્થીઓને વધુમાં વધુ લાભ મળી રહે અને તેમના જીવનધોરણમાં હકારાત્મક પરિવર્તન આવે, તેમની આર્થિક અને સામાજિક ઉન્નતિ થાય તેવા હેતુ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' શરૂ છે. તાજેતરમાં જિલ્લાના સાંસદ નારણભાઈ કાછડિયાના




અધ્યક્ષ સ્થાને સાવરકુંડલાના બાઢડા પ્રાથમિક શાળા ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં સાવરકુંડલાના બાઢડા ગામના વતની મનિષભાઈ ડી. વાઘોરાએ 'મેરી કહાની–મેરી જુબાની અંતર્ગત પોતાના સ્વ–અનુભવો શેર કર્યા હતા. મનિષભાઈના પિતાને કેન્સર હતું. તેઓની આર્થિક સ્થિતિ એટલી સદ્ધર નહોતી કે આ સારવાર ખર્ચને પહોંચી વળે! મનિષભાઈ અને પરિવાર પાસે આયુષ્માન કાર્ડ હોય આથી તેમને સરકાર દ્વારા પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અન્વયે સારવાર મફતમાં મળી હતી. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અન્વયે સારવાર મફતમાં મળતાશ્રી મનિષભાઈએ સરકારનો આભાર વ્યકત કરતા જણાવ્યુ કે, આ યોજના અંતર્ગત ગરીબ અને મપ્રયમ વર્ગીય પરિવારને સારવારમાં સરકાર દ્વારા મદદ કરવામાં આવે છે. આ મદદથી આર્થિક રીતે નબળા પરિવારને આરોગ્ય સુરક્ષા કવચ મળી રહ્યું છે. તેમણે ઉમેર્યુ કે, આયુષ્માન કાર્ડ અમારા માટે વરદાન સમાન સાબિત થયું છે.

સંવેદનશીલ કેન્દ્ર અને ગુજરાત રાજય સરકાર દ્વારા ગુજરાતના પ્રત્યેક નાગરિકને તમામ પ્રકારની આરોગ્ય વિષયક સારવાર ઉપલબ્ધ થાય તેવી રીતે કલ્યાણકારી યોજનાઓ ઘડીને તેનું સુદ્રઢ અમલીકરણ થઈ રહ્યું છે. ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં આજે સરકારી દવાખાના થકી લોકો આરોગ્ય વિષયક સેવાઓ આસાનીથી મેળવી રહ્યાં છે. આરોગ્ય સુવિધાના સુદ્રઢીકરણ માટે મક્કમ રાજય સરકારે જયાં દવાખાના ન હતા ત્યાં નવા દવાખાના શરૂ કર્યા, જયાં દવા ન હતી ત્યાં દવા પહોંચાડી, જયાં આરોગ્યલક્ષી સાધનોની ઉણપ હતી ત્યાં સાધનો પહોંચતા કર્યા છે. દવા, ડોકટર, સેવા, સુશ્રુષા બધું જ... અને એના પગલે ગુજરાતમાં સર્જાઈ છે એક આરોગ્ય સુવિધાની સેવા સભર અદ્ભૂત શૃંખલા. ગુજરાતની આરોગ્ય સેવાઓની નોંધ રાષ્ટ્રીય સ્તરે પણ લેવાઈ રહી છે. સરકાર દ્વારા આયુષ્યમાન ભારત યોજના હેઠળની સહાય રૂા. ૦૫ લાખથી વધારીને રૂા.૧૦ લાખ કરવામાં આવી છે. આયુષ્માન કાર્ડ એ એવી સુવિધા છે કે તે ગરીબ અને વંચિત પરિવારને ખાતરી આપે છે. પરિવાર પર આવેલ આવી આરોગ્યલક્ષી આપત્તિ અને તેની અસરોને પહોંચી વળવા માટે યોગ્ય સારવાર થાય અને તે સારવાર માટે થતાં મોટી રકમના ખર્ચની નબળી અસરો સામે રક્ષણ મળી રહેશે.

## અમરેલીનાં ટીબડી ખાતે કોળી સમાજની બેઠક મળી



અમરેલી, તા.૧

લીલીયા તાલુકાનાં ટીબડી ગામે લીલીયા તાલુકા કોળી સમાજની અમરેલી જિલ્લામાં કેન્દ્ર બનાવવા કોળી સમાજની મિર્ટીંગ અમરેલી જિલ્લા કોળી સમાજ પ્રમુખ રમેશભાઈ ગોહીલ, પરશોત્તમભાઈ એન. મકવાણા, રાજેશભાઈ આર. ગોહિલ, વિજયભાઈ કોગથીયા, રણછોડભાઈ વાઘેલા, બાબુભાઈ સી. જાસલીયા, શાંતીભાઈ વાઘેલા, મુન્નાભાઈ બવાડી સરપંચ, દિનેશભાઈએલ. રંગપરા તથા લીલીયા તાલુકા કોળી સેવા સમાજનાં કાર્યકરો વિશાળ સંખ્યામાં આવેલ હતા.

આવેલ મહેમાનોએ કોળી સમાજનાં સંગઠનને મજબુત બનાવવા પ્રવચનો આપેલ હતાં.

આ મિર્ટીંગને સફળ બનાવવા લીલીયા તાલુકા પંચાયત સદસ્ય અલ્પેશભાઈ સોલંકી, અતુલભાઈ ગોહિલ, મુકેશભાઈ મકવાણા, રાહુલભાઈ વાઘેલાએ જહેમત ઉઠાવેલ હતી.

## એસ.ટી. નિગમ દ્વારા આજે શુભ યાત્રા–સ્વચ્છ યાત્રા અભિયાન યોજાશે

અમરેલી તા. ૧

ગુજરાત માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા તા.૦૨ ડિસેમ્બર,૨૦૨૩ને શનિવારના રોજ એસ.ટી નિગમ દ્વારા શુભ યાત્રા– સ્વચ્છ યાત્રા અભિયાન યોજાશે. આ અભિયાન અંતર્ગત એસ.ટી. અમરેલી વિભાગમાં આવતા અમરેલી, બગસરા, ધારી, કોડીનાર, રાજુલા, સાવરકુંડલા, ઉના બસ સ્ટેન્ડ ખાતે તેમજ બાબરા, દામનગર, લાઠી, ચલાલા, વડિયા, જાફરાબાદ, ગીર ગઢડા, તુલશીશ્યામ, ખાંભા એસ ટી પોઈન્ટ ખાતે સાંસદ, ધારાસભ્ય, પદાધિકારીઓ તથા જાહેર જનતા અને મુસાફરોની ઉપસ્થિતિમાં બસ સ્ટેન્ડ સ્વચ્છતા, બસ સ્વચ્છતા, ટોયલેટ બ્લોક સ્વચ્છતા બાબતે સ્વચ્છતા પ્રત્યે પ્રેરિત કરવા તથા સ્વચ્છતાયુકત સુવિધા આપવા માટે અભિયાનનો શુભારંભ કરવામાં આવશે તેમ અમરેલી એસ.ટી. વિભાગીય નિયામકની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### શ્રી સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળ દ્વારા

## અમરેલી ખાતે વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે અલગ–અલગ નારા સાથે જનજાગૃતિ રેલી યોજાઈ

### પોસ્ટર પ્રદર્શન, પેમ્પલેટ વિતરણ જેવી પ્રવૃત્તિઓ કરાઈ

અમરેલી, તા. ૧

લોકોને એચ આઈ.વી./ એઈડ્સ વિશે સાચી અને સંપૂર્ણ જાણકારી અને માહિતી મળે તેના વિશેની ગેરમાન્યતાઓ દૂર થાય, જેથી એચ.આઈ.વી. ગ્રસ્ત વ્યકિતઓ પ્રત્યે ઘૃણા તથા ભેદભાવ દૂર થાય અને તેઓના હક તથા સન્માનની જાળવણી થાય તે હેતુથી ૧લી ડિસેમ્બરના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ એઈડ્સ દિવસ' ની ઉજાવણી કરવામાં આવે છે. સન ૧૯૮૮ (ઓગણીસો અઠયાસી)ની ૧લી ડિસેમ્બરના રોજ પ્રથમ વિશ્વ



એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. તે જોતા હાલ ૧ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ૩૬માં (છત્રીસમા) વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવી. દર વર્ષે અલગ અલગ થીમ ને આધારે વિશ્વ એઈડ્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની વિશ્વ એઈડ્સ દિવસની થીમ છે Let Communities Lead એટલેકે 'દરેક સમુદાય એચ આઈ વી. એઈડ્સની નાબૂદી માટે નેતૃત્વ લે.'

૧ ડિસેમ્બર 'વિશ્વ એઈડ્સ દિન' નિમિતે શ્રી સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળ (લીંક વર્કર સ્કીમ) અમરેલી સંસ્થા દ્વારા અમરેલી જિલ્લાના અલગ અલગ ગામોમાં લોક જાગૃતિ માટે રેલીનું આયોજન કર્યુ જેમાં 'દેશ જાગે એઈડ્સ ભાગે', ' એઈડ્સ પીડિતો માટે રાખે માન, જાગૃત વ્યકિતનું એ છે નિશાન, જેવા અલગ અલગ નારા સાથે સંદેશ પાઠવ્યો હતો. આ સાથે પોસ્ટર પ્રદર્શન, પેમ્પલેટ વિતરણ, જેવી અલગ અલગ આઈ.ઈ.સી. પ્રવૃત્તિ કરી હતી. આ પછી પુરા ગામમાં રેલી કાઢી લોકોને એચ.આઈ.વી. થી બચવાં શું કરવું, શું ન કરવું, તેમજ એચ.આઈ.વી. ફેલાવવાના ૪ કારણો વગેરેની સમજણ આપી હતી. આમ કાર્યક્રમને સફળ બનાવવામાં એલ.ડબ્લ્યુ.એસ. પ્રોજેકટના વડા ધ્રુવિતાબેન સાવલિયા, તેમજ અન્ય સ્ટાફ હરેશભાઈ બામભણીયા, જુગીષાબેન વાઘાણી, ફરજાનાબેન બ્લોચ, યુવરાજભાઈ, તેમજ અમિતભાઈ હાજર રહ્યા હતા.

### કમોસમી વરસાદની આગાહીને ધ્યાને લઈ

## પાકનાં રક્ષણ માટે સાવચેતીનાં પગલા ભરવા અનુરોધ

અમરેલી તા. ૧

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને આગામી સમયમાં રાજયના કેટલાક જિલ્લાઓમાં પવન સાથે છુટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ હોય અને વરસાદ થવાની સંભાવનાઓને અનુલક્ષીને ખેડૂતોએ પાકના રક્ષણ માટે સાવચેતીના પગલા ભરવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

કમોસમી વરસાદથી પાકને થતી નુકશાનીથી બચાવવા માટે ખેડૂતોએ ઉત્પાદીત પાક, ખેતરમાં કાપણી કરેલો પાક ખુલ્લો હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી અથવા પ્લાસ્ટિક/ તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલા નીચે જતું અટકાવવું. ખેડૂતોએ આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવાઓનો ઉપયોગ ટાળવો જોઈએ. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહીં તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવો જોઈએ.

વેપારી અને ખેડૂતોએ એ.પી.એમ.સી.માં સાચવેલા ઉત્પાદનની કાળજી રાખવા માટે સાવચેતીના પગલા લેવા આવશ્યક છે. એ.પી.એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત અને સલામત રાખવા. આ સમયગાળામાં એ.પી.એમ.સીમાં વેચાણ અર્થે આવતી ખેત પેદાશોને અન્ય સ્થળે મોકલી સ્થળાંતર કરવાનું ટાળવું અથવા યોગ્ય રીતે સાચવી સુરક્ષિત રાખવી.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક તાલીમ, કેવીકે, અથવા કિસાન કોલ સેન્ટરના ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૧૮૦૧૫૫૧ પર સંપર્ક કરવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## દેશમાં ૧૦ વર્ષમાં ૫૦ ટકા મહિલા મુખ્યમંત્રીનું કોંગ્રેસનું લક્ષ્ય : રાહુલ

એર્નાકુલમ, તા. ૧

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી એર્નાકુલમની મુલાકાતે છે. રાહુલે અહીં 'ઉત્સાહ' મહિલા કોંગ્રેસ દ્વારા આયોજીત સંમેલન ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે સત્તામાં મહિલાઓનો અભાવ હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે કહ્યું કે, આજે આપણી પાસે મહિલા મુખ્યમંત્રીઓનો અભાવ છે. આપણી પાસે આગામી ૧૦ વર્ષમાં ૫૦ ટકા મુખ્યમંત્રી હોય, તે કોંગ્રેસ માટે સારું લક્ષ્ય હશે.

આપણી પાસે ઘણી ઓછી મહિલા મુખ્યમંત્રીઓ છે. કોંગ્રેસ પાર્ટીમાં ઘણી મહિલાઓ છે, જેઓ એક શ્રેષ્ઠ મુખ્યમંત્રી બની શકે છે. રાહુલે કહ્યું કે, હવે આપણું કામ કોંગ્રેસના તમામ સ્તરે વધુમાં વધુ મહિલાઓની ભાગીદારી હોય, તે સુનિશ્ચિત કરવાનું છે.

અગાઉ કેરળના વિપક્ષી નેતા વીડી સતીસને જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની પ્રજા વિરોધી નીતિઓને ઉજાગર કરવા કોંગ્રેસ દ્વારા એક રેલીનું આયોજન કરાશે, જેમાં પક્ષના કાર્યકર્તાઓ ઉપરાંત મહિલા કોંગ્રેસના વોર્ડ સ્તરના તમામ પદાધિકારી સામેલ થશે. તેમણે કહ્યું કે, અમારી રેલી મહિલાઓ અને બાળકો પર થતી હિંસાને રોકવામાં નિષ્ફળ ગયેલી સરકારો માટે ચેતવણીરૂપ છે.

# સા.કુંડલા ખાતે ભાજપ અનુ.જાતિ મોરચા દ્વારા સંવિધાન ગૌરવ દિવસ યાત્રા યોજાઈ



અમરેલી જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા સાવરકુંડલા રિદ્ધિ સિદ્ધિ ચોક, નાવલી પોલીસ ચોકીથી ધનાબાપા આશ્રમ સુધી સંવિધાન ગૌરવ દિવસ યાત્રાનું આયોજન કરેલ હતું. આ અન્વયે અમરેલી જિલ્લા મોરચાનાં અધ્યક્ષ કેશુભાઈ વાઘેલાની આગેવાનીમાં સવારે ૧૦:૦૦ કલાકે ડો. બાબાસાહેબ આંબેડકરનાં સ્ટેચ્યુને ફૂલહાર કરી તેમજ અમરેલીનાં સાંસદ નારણભાઈ કાછડીયા અને ભારતીય જનતા પાર્ટીનાં તમામ કાર્યકર્તાઓ પગપાળે પલળતા પલળતા આ સંવિધાન યાત્રામાં ચાલ્યા હતા. આ યાત્રા સાવરકુંડલા શહેરમાં મુખ્ય રસ્તામાં પસાર થઈ પરમ પૂજય ધનાબાપુ આશ્રમમાં સભાનાં રૂપમાં ફેરવાયેલ હતી. ત્યાં ઉપસ્થિત ધાર્મિક, સામાજિક અને રાજનૈતિક મહેમાનોનું સન્માન કરી ડો. બાબાસાહેબ આંબેડકરનાં સંવિધાન અંગે ઉપસ્થિત મહાનુભાવો વકતવ્ય આપેલ તેમજ પ્રતિજ્ઞાનું વાંચન કરેલ.

## સર્વે કપંનીઓ, બુકીઓ, રાજકીય નિષ્ણાંતો અને પત્રકારો પણ ગુંચવાયા

# પાંચ રાજયોની ચૂંટણીનાં એકિઝટ પોલે કંઈકને વિચારતા કરી દીધા

જુદી–જુદી એજન્સી કે મીડિયા સમૂહ દ્વારા થતાં એકિઝટ પોલમાં કોઈનું એક સરખુ તારણ નીકળતું નથી

છત્તીસગઢ, તેલંગણામાં લગભગ બધા જ સર્વેમાં કોંગ્રેસની જીત નિશ્ચિત માનવામાં આવી રહી છે

મિઝોરમમાં પણ ભાજપ કરતાં કોંગ્રેસને ફાયદો મળતો હોવાનું લગભગ તમામ માને છે

મહત્વનાં બે રાજય મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં તમામ સર્વેનું તારણ બંનેમાં ભાજપ અને બન્નેમાં કોંગ્રેસ વિજેતા બને તેવું અનુમાન




અમરેલી, તા. ૧

સમગ્ર દેશવાસીઓની પાંચ રાજયોની ચૂંટણીનાં પરિણામ પર નજર મંડાયેલી છે. ગઈકાલે તેલંગણામાં મતદાન પૂર્ણ થયા બાદ દેશની જુદી–જુદી સર્વે એજન્સીઓ, મીડિયા સમૂહો અને પત્રકારો ધ્વારા થયેલ એકિઝટ પોલ જાહેર થતાં સૌ કોઈ અચંબામાં પડી રહ્યાં છે કે રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા મહત્વનાં રાજયોમાં કેવી રીતે વિરોધાભાસ જોવા મળે છે.

છત્તીશગઢ અને તેલંગણામાં કોંગ્રેસની સરકાર બનશે તેવું લગભગ સૌ માને છે. મિઝોરમમાં ભાજપ કરતાં કોંગ્રેસ આગળ છે તેવું પણ સૌ સ્વીકારે છે. પરંતુ અમુક સર્વે એજન્સીઓ રાજસ્થાનમાં કોંગ્રેસને તો અમુક એજન્સીઓ ભાજપનું શાસન આવશે તેવું જણાવે છે. તો મધ્યપ્રદેશમાં પણ અુમક ભાજપને તો અમુક કોંગ્રેસનો વિજય દર્શાવે છે.

લોકસભાની ફાઈનલ મેચ પહેલાની સેમી ફાઈનલ સમી ગણાતી પાંચ રાજયોની ચૂંટણીમાં જે પક્ષને વધારે સફળતા મળશે તેનો આત્મવિશ્વાસ લોકસભાની ચૂંટણી માટે વધશે તે નિશ્ચિત છે. જો કે હાલ તો પાંચમાંથી ત્રણ રાજયોમાં કોંગ્રેસનો હાથ ઉપર છે અને કોંગ્રેસને બાકીનાં બે રાજયોમાં પણ વિજયની આશા હોય તેઓ ભાજપનો કલીન સ્વીપ થશે તેવું જણાવેલ છે. તો ભાજપ માને છે કે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં ભાજપનો વિજય નિશ્ચિત થશે.

જો કે મત ગણતરીને હવે ગણતરીની કલાકો બાકી હોય કયાં પક્ષને રાજસ્થાન અને મધ્યપ્રદેશ મળે છે તેનું રહસ્ય ખુલી જશે. રવિવારે સવારે ૮ કલાકથી મત ગણતરી શરૂ થશે એટલે બપોરનાં ૧૨ સુધીમાં સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

### ધારાસભ્ય મહેશ કસવાલાને પત્ર પાઠવ્યો

## લીલીયા પંથકનાં ખેડૂતોને આર્થિક સહાય કરવા વિપુલ દુધાતની માંગ

### કમોસમી વરસાદથી ભારે નુકસાન થયું છે

લીલીયા, તા. ૧

લીલીયા તાલુકો સંપૂર્ણપણે વરસાદ આધારિત ખેતી કરે છે અને સિંચાઈ અંગેની કોઈપણ વ્યવસ્થાઓ પણ નથી તેથી ખેડૂતોએ શરૂઆતમાં મોટાપાયે ખેતીમાં ખર્ચ કરી વાવણી કરેલ જયારે અગાઉ સતત ૩૮ દિવસ સુધી વરસાદ આવવાના કારણે વાવણી કરેલ, દવા, બિયારણ અને ખાતરનું



સંપૂર્ણપણે નાશ થયો છે અને ખેડૂતો ધ્વારા એક વીઘા દીઠ અત્યાર સુધીમાં સરેરાશ રૂા. ૫૦૦૦નો દવા, ખાતર, બિયારણ, ખેડ મજૂરોનો ખર્ચ કરેલ છે. તેમજ હાલમાં સમગ્ર તાલુકામાં કમોસમી વરસાદ/કરા/પવનથી શિયાળુ પાકનું વાવેતર કરવામાં આવેલ હોય તેને ખૂબ જ મોટા પ્રમાણમાં નુકસાન થયેલ છે. જેથી જગતના તાત ખેડૂતને ખર્ચનું વળતર મળી રહે તે માટે જગતના તાત ખેડૂતોના હિતમાં સ્પેશિયલ આર્થિક પેકેજ જાહેર કરવા જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાતે ધારાસભ્ય કસવાલાને પત્ર પાઠવીને માંગ કરેલ છે.

### અમરેલી નજીક આવેલ

## રાંઢીયા ગામે થયેલ મોબાઈલ ચોરીનાં ગુનામાં એક ઈસમ ઝડપાયો

### ક્રાઈમ બ્રાન્ચે બગસરા ખાતે આરોપીની અટકાયત કરી

અમરેલી, તા. ૧

અમરેલી તાલુકાના રાંઢીયા ગામે રહેતા દર્ષિતભાઈ ઘનશ્યામભાઈ ધાનાણીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન ગત તા. ૧૭/૫/૨૩ ના રોજ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈ ગયેલ હોય, જે અંગે દર્ષિતભાઈ દ્વારા ઈ–એફઆઈઆર કરાવેલ હોય, જે ઈ–એફઆઈઆર અંગે ખરાઈ કરી, તેના પરથી અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ. હતો. અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જિલ્લામાં ઈ–એફઆઈઆરથી દાખલ થયેલ ગુનાઓના આરોપીને પકડી પાડી, નાગરિકોના ચોરાયેલ વાહન, મોબાઈલ ફોન તેમને પાછા મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને જરૂરી માર્ગદર્શન આપેલ. હોય, ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે એલ.સી.બી. ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવેલ અને બગસરા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન બગસરા, નટવરનગરમાંથી અશરફભાઈ હસનભાઈ સૈયદ નામના એક ઈસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોકત ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન મળી આવતા, પકડાયેલ ઈસમનેચોરીના મોબાઈલ ફોન સાથે આગળની કાર્યવાહી થવા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં સોંપી આપવા કાર્યવાહી કરેલ છે.

### વીજપડીનાં પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાની માંગ

## સા.કુંડલા તાલુકાની તમામ ગામ પંચાયતોમાં દરેક કામગીરીની જાણકારી દર્શાવતું બોર્ડ લગાવો

### તાલુકા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો

સાવરકુંડલા, તા. ૧


સાવરકુંડલા તાલુકા પંચાયતનાં તાલુકા વિકાસ અધિકારીને જાહેર નિવેદનમાં વિજપડીનાં પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ જણાવેલ છે કે, તાલુકાની તમામ ગ્રામપંચાયત બહાર અને અંદર વી.સી.ઈ.(ઓપરેટર) દ્વારા થતી કામગીરી અને દરેક કામના ભાવ મોટા અક્ષરે વંચાઈ એવી રીતે કાયમી સલામત રહે તેવું બોર્ડ લગાડવા નિવેદન કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે અમરેલી લાંચ–રૂશ્વત વિભાગ આ બાબતે રનીંગ ટ્રેપ ગોઠવે તેવી પણ અમરેલી એ.સી.બી.ને અપીલ કરેલ છે. તાજેતરમાં રાજકોટ ગ્રામ્ય એ.સી.બી. દ્વારા ડબલ ભાવ લેનારા વી.સી.ઈ. (કોમ્પ્યુટર ઓપરેટર)ને છટકામાં ઝડપી લીધેલ તે બદલ રાજકોટ ગ્રામ્ય એ.સી.બી. તથા કોટડા સાંગાણી તાલુકાનાં ગુંદાસરા ગામની ફરિયાદોને પણ અભિનંદન પાઠવેલ છે. સાવરકુંડલા ટી.ડી.ઓ. આ બાબતે જાગૃતિ દાખવે તથા સરપ્રાઈઝ ચેકીંગ પણ કરે તેમ એક નિવેદનમાં જણાવેલ છે.

## ચાંપરડા : રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘની સાધારણ સભા રવિવારે યોજાશે

ધારી, તા. ૧

ધારી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘની સાધારણ સભા તા. ૩ ડિસેમ્બર રવિવારનાં રોજ સવારે ૧૦ કલાકે બ્રહ્માનંદ વિદ્યા ધામ ચાપરડા મુકતાનંદબાપુનાં સાનિધ્યમાં ચાપરડા ખાતે યોજાશે. જેમાં બંકિમભાઈ મહેતા, પ્રમુખ વાસુદેવભાઈ જોશી, ઉપપ્રમુખ સંજયભાઈ દવે, મંત્રી જીતુભાઈ બોરીસાગર, સહમંત્રી ભવસુખભાઈ મંડીર, ખજાનચી ભરતભાઈ જોષી, સહ ઓડિટર તેમજ રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘનાં ટ્રસ્ટી, જ્ઞાતિનાં પૂર્વપ્રમુખ, સ્ટેન્ડિંગ કમિટીનાં હોદ્દેદારો, વિભાગીય પ્રમુખ, કારોબારી સભ્ય, પ્રતિનિધીઓ, જ્ઞાતિ અગ્રણીઓ હાજરી આપશે. તેમ અરવિંદભાઈ દવેએ જણાવ્યું છે.



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















# વાર્તા–વૈભવ

## ''મારૂ ઘર''

– નિધિ મહેતા



નિધિ મહેતા

(ગયા અંકનું ચાલુ)

આંખ ખુલી ત્યારે સોનેરી સવારનો તડકો એની આંખને આંજતો હતો. ઉચાટ કરતાં તે ઉભી થઈ. અ...રે...! આ તો સીમલા કે મનાલી નહીં તેનું નવું ઘર હતું. નીરવ રૂમમાં ન દેખાયો. અપેક્ષા ફટાફટ તૈયાર થઈ, દાદર ઉતરી નીચે આવી. બધા ડાઈનિંગ ટેબલ પર નાસ્તો કરવા બેઠેલાં હતાં. અપેક્ષાની રાહ જોતાં હતા. તેને શરમ આવી, નીરવનાં પપ્પા અમૃતભાઈ બોલ્યા, 'આવ બેટા, સ્વાગત છે તારૂં', વત્સલાબેને કહયું, 'તું ખુશ તો છે ને બેટા ?' નીરવ પાસેથી ખાલી જગ્યા પર તે સંકોચ સાથે બેઠી, આવું તો કલપ્યુ જ નહોતું. તે બોલી, 'મમ્મી પપ્પા, સોરી, મોડું થયું.

પછી પ્રવાસની વાતો ચાલી. શું જોયું ? કયાં ફર્યા વગેરે. કેવી ઘઘૂર વનરાજી, કેટલાં મંદિરો ? વગેરેની વાતો કરતા કરતા અમૃતભાઈ બોલ્યા, 'આ જગ્યાએ તો અમે પણ ગયાં હતા. નહી વત્સલા ? 'અપેક્ષાએ વાતોમાં રસ લેતા પુછયું. ''તમે કયારે ગયાં હતાં મમ્મી ? '' તમારી જેમ જે લગ્ન પછી તરત' વત્સલાબેને જવાબ આપ્યો. જો કે ત્યારનાં સીમલા–મનાલી ને અત્યારમાં ઘણો ફરક પડયો છે.। પહેલો તો ટમટમ બતી હતી. ને હવે બજારો રોશનીથી ઝળહળે. આમ મસ્ત મુકત મને બધા મલકીને વાતો કરી રહયાં હતાં, ત્યાં મમ્મીનો ફોન આવ્યો, 'અપેક્ષા કેમ છે ?'' પછી ફોન કરીશ' કહી અપેક્ષાએ ફોન કાપ્યો.

તે બોલી મમ્મી, 'આજે રસોઈ હું બનાવીશ. ''પણ વત્સલાબેન બોલ્યા. 'રસોઈ સૌમ્યાને જ બનાવવા દે, 'મારે તને બીજું કામ આપવું છે, થોડીવાર પછી તું મારી પાસે આવ', અપેક્ષાની જિજ્ઞાસા વધી હતી કે, શું કામ હશે ? તે કૂતુહલભાવે વત્સલાબેનનાં રૂમમાં ગઈ. ઓરડામાં પ્રવેશતાં જ જોયું, એક –એક દીવાલે બે સિંગલ બેડ જુદા જુદા ગોઠવાયેલા હતા. બેની વચ્ચે એક ટિપોઈ ઉપર થોડી દવાનાં ડબ્બા અને વિવેકાનંદની છબી હતી. દીવાલ પર સુખદ દાંપત્ય દર્શાવતો સાસુ – સસરાનો ફોટો લગાવેલો હતો. સામેની દીવાલો બે અલમારી ગોઠવેલી હતી.

વત્સલાબેન અલમારી ખોલતા બોલ્યા, આવ બેટા અહીંયા, જો બેટા, 'આ કબાટમાં આપણા બધાનાં જરૂરી દાગીનાં રાખ્યાં છે, અને એ સિવાયનાં બધા ઘરેણા બેંકનાં લોકરમાં મુકેલા છે', 'જેમાં મારા, સૌમ્યાનાં અને તારા જરૂરી પહેરવા પુરતા દાગીનાં બધા જ અહી મુકેલા છે,' આ લે. એની ચાવી હવે તારે રાખવાની છે', અપેક્ષાની આંખ ભીની થઈ હતી. આ શું થઈ રહયું હતું, અત્યારથી ?

સજળ આંખે વત્સલાબેન બોલ્યા, 'બેટા, મને પણ હું પરણીને આવી ત્યારે મારા સાસુએ તરત બધુ સોંપી દીધેલું. એમનું નામ 'જયાબા,' હા એમનો ફોટો નથી કયાંય, ત્યારે કયાં એવો ચીલો હતો. ફોટો પડાવવાનો ?' પણ આ પેલો જુનવાણી ડિઝાઈનનો મોટો હાર છે. ને એ એમની ભેટ છે મને આપેલી અને હવે નિશાની પણ' ત્યારે અપેક્ષ ગદગદ થઈ હતી.

ત્યારબાદ બાજુમાં ગોઠવેલ બીજી અમમારી ખોલીને કહયું. 'જો બેટા આમાં આપણે રોકડ રકમ રાખીએ છીએ,' અને આ એક ડાયરી, 'જેમાં ઘરખર્ચનો બધો જ હિસાબ લખવામાં આવે છે, ' જે અત્યાર સુધી સૌમ્યા સંભાળતી હતી પણ હવે તારે સંભાળવાનું છે,' અપેક્ષાને એ સાંભળી રહી હતી પણ હવે તારે સંભાળવાનું છે,' અપેક્ષાને એ સાંભળી રહી હતી તેને કાન પર વિશ્વાસ થતો નહોતો કે, આવનારી નવીસમી બહુ ઘરનો હિસાબ સંભાળે આવું બની રહયું હતું. વત્સલાબેને કહયું, 'તું બધું જ શીખી લઈશ બેટા, મને ખબર છે.

''નીરવ, તેના પપ્પા અને પાર્ટ ટાઈમ નોકરી કરતી સૌમ્યા, એ કોઈ પોતાનાં પૈસા અલગ અલગ રાખતા નથી,' બધું અહીં જ એક સાથે મુકાય છે અને જરૂર મુજબ લેવાય છે,' ડાયરીમાં લખવાનું માત્ર જાણકારી માટે,' બાકી'કોઈ રોકટોક કે પુછતાછ નહીં હો બેટા'.

આ દરમ્યાન જ અપેક્ષાની મમ્મીનો ફોન આવ્યો. 'કેમ અપ્પુ ? શું ચાલે છે ? અપેક્ષાએ ફરી કહયું, 'મમ્મી જરા કામમાં છું, પછી વાત કરૂં જેના પ્રત્યાઘાતરૂપમાં તરત બોલેલી, જો મેં કીધું હતું ને કે, 'મીઠા બોલીથી ચેતજે, 'આવતાં વેંત મારી દીકરીને કામે લગાડી દીધી ને ?' 'કેવા માણસો છે ?'

મમ્મી, 'તું માને છે એથી બહુ સારા માણસો છે' હું તને પછી સમજાવીશ, કહી તેણે ફોન મુકી દીધો. પાસે ઉભેલા વત્સલાબેન વાતને કળી ગયા. તે બોલ્યા, 'જો બેટા એ મા છે તારી, એને તારી ફિકર હોય.' ને લોકોના મોઢે સાચી ખોટી વાતો સાંભળી હોય, ને વર્ષોથી આપણ સમાજમાં 'સાસુ–વહુ'નો સંબંધ વગોવાયેલો છે।. તે થોડો ડર હોય, એટલે પુછે, 'એમાં અકળાઈને જવાબ ના અપાય.' 'એમને તારી વાત સમજાવજે બેટા, એટલે એમની ચિંતા થોડી હળવી થઈ જાય' 'અપેક્ષ મ..મ્મી ! કહી વત્સલાબેનને સગી માની જેમ ગળે વળગી પડી હતી.

અપેક્ષાએ તેની મમ્મીને પત્ર લધી બધું જ પ્રેમથી સમજાવવાની કોશિશ કરી. તેણે લખ્યું કે, 'મમ્મી હું અહીં ખુબ સુખી અને ખુશ છું,' મારા સાસુ જેવી સૌમ્યાને રાખે છે એવી જ મને રાખે છે, વ્હાલ વરસાવે છે', બીજી કશી જરૂર નથી, એટલે તું મારી ચિંતા હવે મુકી દેજે, અને મમ્મી, 'હવે હું આ 'મારૂં ઘર' સાચવીને સંભાળી શકું એટલી મોટી તો થઈ જ ગઈ છું, અને ભૂલ થાય તો તારી જેમ જ અહી મારી મમ્મી છે એ મને સમજાવશે,' તું નકામી ચિંતા ના કરતી મારી.'

વધારે અને વિગતવાર તને હું રૂબરૂ ત્યાં આવીશ તયરે સમજાવીશ કે, 'કેવું છે આ 'મારૂં ઘર '? હવે મારૂ જ ઘરને, મમ્મી ?

**– નિધિ જતીન મહેતા,**
**મો. ૮૭૫૮૯ ૬૨૩૪૦**
૧૦૧, ગણેશ પ્લેટીનમ, વિશ્વોદેવી સર્કલ / ટેમ્પલ સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**


# બાલ એકસપ્રેસ

▪ ઉખાણા ▪ બાળવાર્તા ▪ જોડકણા ▪ બાલગીત ▪ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

## કામનાથ મહાદેવનું મંદિર

### ભાતીગળ સૌરાષ્ટ્ર



અમરેલી શહેરનાં પાદરમાંથી વહેતી વડી અને ઠેબી નદીનાં સંગમ સ્થાને આવેલું કામનાથ મહાદેવનું મંદિર એક પ્રાચીન ધર્મસ્થાન છે. એક અનુમાન મુજબ આ મંદિર ૩૨૫ વર્ષ પુરાણું છે. જે સમયે આ સ્થળે જંગલ હતું. ત્યારે નદીનાં નિકારે આ મંદિરની સ્થાપનાં થઈ હશે. એમ માનવામાં આવે છ. ગાયકવાડ રાજયનાં રેકોર્ડ મુજબ આ પુરાતન મંદિરનાં સ્થાને સંવત ૧૮૩૬ પહેલાનું દહેરૂ હતું. બાજુમાં વડી અને ઠેબી નદીઓનાં નીર ખળ.... ખળ વહેતા હતા. કુદરનાં સાંનિધ્યમાં આવેલા આ સ્થળે ભુતવડનાં એક સંતે આવી ધુણો ધખાવી આરાધના કરી હતી. આ સંતની આરાધનાથી પ્રભાવિત થઈને અમરેલી શહેરનાં ધર્મપ્રેમી કપોળશ્રેષ્ઠિઓએ આ સ્થળે શિખરબંધ મંદિર બંધાવી આપ્યું હતું. આ પછી ગાયકવાડ સરકારે મંદિરની આસપાસની જમીન મંદિરને અર્પણ કરી હતી.

આ જમીન પર ખેતી કરવામાં આવતી. ગાય–ભેંસોને અહી વસાવવામાં આવેલ. ધાર્મિક વિધિ – વિધાન માટે આ મંદિર અતિ મહત્વનું મનાય છે. મંદિરની સામે જ સ્મશાન આવેલું છે. સંવત ૧૮૩૬માં આ મંદિરનાં મહંતે જીવતા સમાધિ લીધી હતી. ત્યારથી આજ સુધી તેમનાં વંશજો મહંત તરીકે મંદિરમાં સેવાપુજા કરે છે. શ્રાવણ મહિનામાં અહી મેળો ભરાય છે. અહીં વર્ષો પહેલાં નદી ઉપર પુલ તથા ડેમ બનાવવામાં આવ્યો હતો. મહેતા ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી હિંમતભાઈ તથા ધીરજભાઈ મહેતાનાં વિચાર અને પ્રોત્સાહનથી રોટરી કલબે અહીં કામનાથ ડેમ અને સુએજ પ્રોજેકટ સાકાર કર્યો છે. જે અંતર્ગત જુના ડેમની મરામત કરી તેને મજબુત બનાવી ફરીથી ઉપયોગમાં લેવા તેના ૩૨ ગાળાઓમાં નવા દરવાજા મુકાવી. બંને નદીઓને ડેમથી ઉપરવાસમાં બે કિ.મી. સુધી ૧૦ ફુટ ઉડી કરાવી તેમાંથી નીકળેલા કાંપની માટીથી બંને કિનારે ૬૦ ફુટ પહોળા પાળા બનાવવામાં આવ્યા છે.

વિવિધ દાતાઓએ દાન આપી આ સમગ્ર યોજનાને શણગારી છે. જેમાં દીપક ફર્ટીલાઈઝર્સનાં શ્રી સી.કે.મહેતાએ બાળ ઉદ્યાન, શ્રી લક્ષ્મીદાસ સંઘવી તથા તેમનાં ભત્રીજી ઈન્દુબેન તરફથી ઈન્દુલક્ષ્મી ગાર્ડન, જે.પી. સાવલિયા પરિવાર તરફથી હેલ્થ કિલનિક, મહેતા ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ફુવારા તથા વૃક્ષમંદિર બનાવવામાં આવ્યા છે. ચોમાસામાં ડેમ પાણીથી છલોછલ ભરાઈ જતાં અહી બોટીંગ પણ થાય છે. શિયાળામાં દેશ વિદેશનાં પક્ષીઓ અહી સુધી આવી આ સ્થળની શોભા વધારે છે.





**બારે માસ ધમધમતું માર્કેટયાર્ડ**

સૌરાષ્ટ્રનાં મોટા માર્કેટ યાર્ડોમાં જેની ગણના થાય છે. એ અમરેલીનાં માર્કેટ યાર્ડની સ્થાપના ઈ.સ.૧૯૫૨માં થઈ હતી. સમગ્ર અમરેલી પંથકમાંથી અહી ખેતઉપજ આવે છે ઘંઉ, મગફળી, તલ એ મુખ્ય ઉપજ છે. વહેલી સવારથી યાર્ડ ધમધમતું રહે છે. સંપુર્ણ સુવિધાયુકત વિશાળ શેડ તથા માલનાં સંગ્રહ માટે ગોડાઉનો બનાવવામાં આવ્યા છે. અહીં ખુલી હરાજીથી માલનું વેચાણ થાય છે. અને ખેડૂતોને પોતાનાં માલનાં નાણાં રોકડા ચુકવવામાં આવે છે.

**દત્ત મંદિર :**

અમરેલીના ચીતલ રોડ ઉપર ભગવાનશ્રી ગુરૂ દતાત્રેયજીનું વિશાળ મંદિર આવેલું છે. દાયકાઓ પહેલાં આ મંદિરનાં સ્થળે એક મહાત્મા રહેતા હતા. તેઓ ગાયોની સેવા કરતા. તેઓ ભગવાન દતાત્રેયના પરમ ઉપાસક હતા. તેઓ પાસે એક ચરણપાદુકા હતી. તેની તેઓ નિયમિત પૂજા કરતા હતા. વીસમી સદીનાં પ્રથમ દાયકામાં તેઓએ અમરેલી પ્રાંતનાં સુબા તથા પોતાનાં ભકત સમુદાય સમક્ષ અમરેલીમાં ચરણપાદુકાની સાથે ભગવાન ગુરૂ દતાત્રેયની મુર્તિની પધરામણી કરવાનો પ્રસ્તાવ મુકયો હતો. તેના પરિણામે મુર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી મંદિર બનાવ્યું હતું. તેના નિભાવ માટે અમરેલીનાં સુબા ઉપરાંત ગામનાં કેટલાક આગેવાનોએ મળીને એક ટ્રસ્ટની રચના કરી હતી. ઈ.૧૯૩૩માં તેની પુર્નરચના કરવામાં આવી હતી.

**શ્રી લક્ષ્મીનારાયણ મંદિર**

આ મંદિરની સ્થાપના ઈ.૧૯૧૭માં થઈ હતી. શ્રી લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટની અંદાજે છ વસા જમીનમાં આ મંદિર પથરાયેલું છે. મંદિરનાં સંકુલમાં શ્રી લક્ષ્મીનારાયણ ઉપરાંત, અંબા માતાજી, હનુમાનજી, અમરેશ્વર મહાદેવ તથા સત્સંગ હોલ આવેલા છે. મંદિરમાં રામજન્મ, કૃષ્ણજન્મ, પાટોત્સવ, શિવરાત્રી વગેરે તહેવારો ધામધૂમથી ઉજવવામાં આવે છે.

**શ્રી રામજી મંદિર**

અમરેલી શહેરમાં જુના સરકારવાડા પાસે આવેલું આ મંદિર મર્યાદા પુરૂષોતમ ભગવાન શ્રી રામચંદ્રજીના ભકતજનો માટે આસ્થાનું કેન્દ્ર છે. લોકહૃદયનાં ધબકારા ઝીલતા આ મંદિરની સાથે સત્સંગ પ્રવૃતિ, અન્નક્ષેત્ર, ધાર્મિક પુસ્તકાલય, ધાર્મિક ઉત્સવો, ધાર્મિક પ્રવચનો વગેરે પ્રવૃતિઓ પણ શ્રી રામજી મંદિર ટ્રસ્ટનાં ઉપક્રમે ચાલે છે. શહેરમાં અતિથી તરીકે પધારતા સંન્યાસીઓનાં સત્કારની સગવડ અહીં કરવામાં આવે છે.

## ખેલાડીએ અભિમાન કરવું નહીં

– પ્રકાશ ડી. કુબાવત



હરણ આજ જંગલમાં આમથી તેમ આંટા મારી રહયું હતું. તેને કયાંય ચેન પડતું ન હતું. જંગલમાં આમથી તેમ પાંચ–છ ચકકર લગાવી ચુકયું હતું.

ત્યાં રસ્તામાં તેને શિયાળ મળ્યું. શિયાળે હરણને કહ્યું કે, ''કેમ તું ઉદાસ હોય એવું લાગે છે ? હું કયારનો જોઉ છું કે તું કારણ વગર આમથી તેમ ફરી રહયું છે.''

'ઉદાસ થાવું પડે એવું જ છે. પંદર દિવસ પછી દર વખતની જેમ આપણાં નંદનવનમાં દોડ સ્પર્ધા છે. હું દર વખતે ભાગ લઉ છું. છંતા પણ એકેય વખત મારો નંબર આવતો નથી. રેસ દર વખતે ચિતો જ જીતી જાય છે.'' આથી હું બહુ ઉદાસ છું.

શિયાળ હરણની વાત સાંભળી થોડી વખત ચૂપ રહયું પછી મોઢા પર કૃત્રિમ હાસ્ય લાવીને બોલ્યું. ''જો તારે આ વખતની રેસ જીતવી હોય તો હું તને જીતાડી શકુ એમ છું. પણ મારી એમ શરત છે.'' શિયાળ બોલ્યું.

''શું શરત છે. તુ જલદીથી કહે. તારી દરેક શરત માનવા હું તૈયાર છું.'' હરણ બોલ્યું.

''તારે કશું કરવાનું નથી. મને તારે ફકત દસ હજાર રૂપિયા આપવાનાં છે. બીજું બધુ હું જોઈ લઈશ. પાંચ હજાર રૂપિયા તારે અત્યારે એડવાન્સમાં આપવાના છે અને બીજા પાંચ હજાર શરત જીત્યા પછી. બોલ છે. મંજુર ?'' શિયાળ બોલ્યું.

''બીજી એક શરત પણ સાંભળ તારે પંદર દિવસ સુધી રોજ પ્રેકટીશ ચાલુ રાખવાની. તેમાં જરા પણ ઢીલાશ રાખવાની નથી.'' શિયાળ પાછું બોલ્યું.''

''ના... ના હું બમણા જોરથી આજથી પ્રેકિટસ ચાલુ કરીશ.''

'હરણ બોલ્યું.

''તું પોઝિટિવ બન અને હું શરત જીતીશ જ એમ માની ભગવાનનું નામ લઈ પ્રેકિટસ ચાલુ કરી જ દે.'' હરણમાં ઉત્સાહ ભરતું શિયાળ બોલ્યું.

''પ્રેકિટસ તો હું આજથી જ ચાલુ કરી દઈશ પર તને પાંચ હજાર રૂપિયા કાલે આપીશ.'' હરણ બોલ્યું.

''આ લે પાંચ હજાર રૂપિયા. હવે તો હું શરત જીતીશને !'' બીજા દિવસે પૈસા આપતા હરણ બોલ્યું.

''તું નિશ્ચિત રહે. શરત તું જ જીતીશ.'' શિયાળ બોલ્યું.

આ બાજુ શિયાળ પોતાની જાળમાં ચિતાને ફસાવવા લાગ્યું. તે રાત્રે ચિતાનાં ઘરે ગયું અને કહયું કે, ''કેમ ચિતાભાઈ મજામાં ને ? હું તમારા માટે કેટલો બધો ખોરાક લાવ્યો છું.'' સ્વાદિષ્ટ ખોરાક જોઈને ચિતાનાં મોંમા પાણી આવી ગયું. તે તો બધો ખોરાક ઝાપટી ગયો.

''કાલે આપણે મલ્ટિપ્લેકસમાં બે શો જોવા જઈશું. બે નવા પિકચર આવ્યા છે. ખુબ જ સારા છે. પૈસા હું જ આપવાનો છું. મહેરબાની કરીને તમે ના ન પાડતાં.'' શિયાળ બોલ્યું. ''ના... ના મારાથી પિકચર જોવા નહીં આવી શકાય. હમણાં થોડા દિવસ પછી નંદનવનમાં દોડની સ્પર્ધા છે. મારે પ્રેકિટસ કરવાની છે.'' ચિતા બોલ્યો.

''હજુ તો દોડની સ્પર્ધાને પંદર દિવસની વાર છે. તમે તો દર વખત પહેલો નંબર જ લાવો છો. આથી ચિંતા કરો મા. દોડમાં તમને કયાં કોઈ પહોંચી શકયું છે ? તમારે પ્રેકિટસની જરૂર જ નથી.'' શિયાળ બોલ્યું.

શિયાળે ખુબ આગ્રહ કરતા ચિતો ના ન પાડી શકયો. તે બંને પિકચર જોવા ગયા.

પંદર દિવસ સુધી શિયાળ ચિતા સાથે જ રહયું. રોજ કોઈને કોઈ બહાનું કરીને તેને બહાર લઈ જતું. તેને ખુબ ચરબીયુકત ખોરાક ખવડાવે.

પંદર દિવસ તો જોત જોતામાં પસાર થઈ ગયા. શિયાળે ચિતાને એક દિવસ પણ પ્રેકિટસ કરવા ન દીધી. અને પંદર દિવસમાં તેને જાડો પાડો કરી દીધો.

આ બાજુ શિયાળે હરણમાં પોઝિટિવ ઉર્જા ભરી દીધી હતી. અને હરણ સખત પ્રેકિટસ કરતું હતું. તેથી તે દોડ જીતવા ઉત્સાહિત હતું.

આજે આખું નંદનવન તળાવનાં કિનારે એકઠું થયું હતું. કારણ કે દર વર્ષની જેમ આજે પણ દોડની સ્પર્ધા હતી.

આ સ્પર્ધામાં ચિતાએ, હરણે, વાઘે અને જંગલી ભેંસ વગેરે પ્રાણીઓએ ભાગ લીધો હતો. ચિતો તો સ્પર્ધા શરૂ થાય એ પહેલા બધાને કહે, ''દર વર્ષે ખોટી સ્પર્ધા ગોઠવો છો. દર વખતની જેમ હું જ વિજેતા બનીશ. તમારે મને એમ ને એમ ઈનામ આપી દેવું જોઈએ.'' અમે બોલી અટ્ટહાસ્ય કરવા લાગ્યો.

સ્પર્ધા ચાલુ થઈ. તળાવને ફરતે ૧૦ ચકકર લગાવવાનાં હતા. ત્રણથી ચાર ચકકર લગાવ્યા ત્યાં તો ચિતો હાંફવા લાગ્યો.

હરણ તો એકસરખી ઝડપે પહેલેથી જ ચાલતું હતું. ૬ ચકકર સુધી તો ચિતો આગળ હતો પણ હવે તે થાકવા લાગ્યો. સાતમાં ચકકરે હરણ ચિતાથી આગળ થઈ ગયું. ચિતો પછી તેની સાથે ન થઈ શકયો. પહેલી વખત ચિતો હારી ગયો અને હરણ સ્પર્ધા જીવી ગયું.।


બધા પ્રાણીઓએ હરણને તાળીઓથી વધાવી લીધું અને સિંહે તેને ઈનામ આપ્યું.

બીજા દિવસે શિયાળ હરણ પાસે પાંચ હજાર રૂપિયા લેવા આવ્યું. હરણે રૂપિયા આપતા કહયું કે, ''તે એવો શી ચમત્કાર કર્યો કે ચિતો હારી ગયો.''

શિયાળે કહયું કે, 'મે તેને પ્રેકિટસ જ ન કરવા દીધી અને તે જીવશે જ એવો વહેમ ભરાવી દીધો. બીજું તેને એટલો ચરબીયુકત ખોરાક ખવડાવી દીધો કે તે બહુ દોડી જ ન શકે. દોડે તો પણ હાંફી જાય.''

હરણ બોલ્યું, ''ખરેખર જે અભિમાન કરે છે. ખોટા વહેમમાં રહે છે. અને પ્રેકિટસને અવગણે છે તે ખેલાડી કોઈ પણ રમતમાં અંતે હારી જ જાય છે.

**બાલમિત્રો,**



તમારું મનગમતું બાલ એકસપ્રેસ તમારા હાથમાં આવશે. ત્યારે તમારી શાળાઓ ખુલી ગઈ હશે. મિત્રો સાથે હળવા–મળવાનું... વાર્તા કરવાનું, દિવાળીની રજાઓની વાતો કરવાનું ખૂબ ચાલ્યું હશે ખરુંને ? કયારેક મિત્રોની વાતો સાંભળી મનમાં થયું હશે કે મેં તો આટલો આનંદ નથી કર્યો અથવા તમારી વાતો સાંભળી મિત્રને પણ એવી લાગણી થશે. પણ જે હોય તે દિવાળી રજાઓ આનંદમાં પસાર થઈ હશે એ હકીકત છે. તમારી ખુશી, આનંદ અન્ય મિત્રોને વહેંચવાનો પણ આનંદ હોય છે.

તમારા બા.એ.નાં સંપાદક તમારી વાતો બા. એક.માં છાપવા માંગે છે. દિવાળી પર, દશેરા પર, તમારા પ્રવાસ–પર્યટન, દેવ મંદિરો જયાં ગયા હો તેની ટૂંકી નોંધ લખીને મોકલાવશો તો અન્ય મિત્રોને વાંચવામાં રસ પડશે.

બા.એક. મોટેરાંઓ પણ વાંચતા હોય છે. તમને પણ વિનંતી છે કે તો તમારાં જુના–નવા અનુભવો લખી મોકલાવો તો નવી પેઢીને પ્રેરણા મળશે. લખશોને ?

## ભારતના અણુશોધ અને રાષ્ટ્રને અણુયુગ તરફ દોરી જનારા અણુસંશોધનના પિતામહ હોમી ભાભા


(ગયા અંકનું ચાલુ)

ઘરમાં બધા જ વાંચનના શોખીન હોય તો પછી હોમી કેમ ના હોય ? હોમીનાં દાદાએ વિવિધ વિષયોનાં પુસ્તકોનું પુસ્તકાલય ઘરમાં જ ઉભુ કર્યુ હતું.

પિતા જહાંગીરજીએ પણ પુસ્તકોની સંખ્યામાં વધારો કરવાનું ચાલુ રાખ્યું હતું. તેઓ દેશવિદેશથી સારાં પુસ્તકો મંગાવતા હતા. આ પુસ્તકાલયોના પુસ્તકો જ હોમીની દુનિયા હતા. ઘરમાંથી મળતા પ્રોત્સાહનથી હોમીને ચિત્રો દોરવાનું, સંગીત સાંભળવાનું ખુબ જ ગમતું હતું. જોકે આ બંનેમાં સંગીતનો શોખ કેળવ્યો હતો. જયારે ચિત્રો દોરવા એ કુદરતી બક્ષીસ હતી. હોમીને પ્રકૃતિમાંથી કશુંક સારૂં મળે એટલે કાગળ ઉપર કંડારીને જોતજોતામાં તો આબેહુબ ચિત્ર તૈયાર કરી નાખતો. મુંબઈમાં વિખ્યાત ચિત્રકારોએ દોરેલાં ચિત્રોનું પ્રદર્શન હતું. તેમાં ૧૭ વર્ષનાં હોમીએ જાતે દોરેલા પોર્ટ્રેટ ચિત્રને પહેલો નંબર મળ્યો હતો.

**ગણિત, વિજ્ઞાનમાં પણ પાવરધા :**

ચિત્ર અને સંગીતમાં આટલો બધો રસ તેમ છતાં તેમને સૌથી વધારે રસ ગણિત અને વિજ્ઞાનમાં હતો. વિજ્ઞાનનાં પ્રયોગોમાં જે સિદ્ધાંત લખ્યો હોય એના જાતે પ્રયોગો કરીને પરિણામ મેળવવામાં સફળ થાય ત્યારે જ તેમને જંપ વળે, જે દિવસે પ્રયોગનું સારૂં પરિણામ મળ્યું હોય એ દિવસે તો રાજીરાજી રહેતા. ઘરનું પુસ્તકાલય વિજ્ઞાન વિષયમાં હાજરાહજુર શિક્ષક જેવું હતું. શાળામાં જે પાઠ ચાલ્યા હોય એ તો આવડે જ પરંતુ તે સિવાય હજુ વર્ગમાં ચાલવાનાં બાકી હોય એ પણ મોઢે કરી નાખતા. આમ અભ્યાસક્રમ બાબતે શિક્ષક કરતાય બે ડગલાં આગળ રહીને ભણતા.





**આઈન્સ્ટાઈનનું પુસ્તક વાંચીને સાપેક્ષવાદની થિયરી સમજી લીધી :**

બાળકોની સાહજિક રમતો રમવાની ઉંમરે હોમીને રમતો રમીને સમય બગાડવો ગમતો નહી. એમાંય ખુલ્લા મેદાનની રમતો રમવામાં જરાય મજા પડતી નહીં. કાલીઘેલી ભાષામાં બોલીને બાળ લીલા કરવાની ઉંમરે હોમી એક પરિપકવ માણસ જેવા ધીરગંભીર જણાતા હતા. જયારે ૧૫ વર્ષની તરૂણ અવસ્થામાં હતા ત્યારે સાપેક્ષવાદની થિયરી રજુ કરનારા મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનનું પુસ્તક 'સાપેક્ષવાદ' વાંચી ગયા. વાંચી નાખ્યું એમ નહી વાંચીને બધું જ તેમણે મગજમાં ઉતારી લીધું. એમને આટલી કાચી ઉંમરે પુસ્તકમાં લખેલી બધી જ વાતો સમજાતી હતી.

જાણકારોને ખબર છે કે સાપેક્ષવાદને સમજવા માટે ચોકકસ પ્રકારની વૈજ્ઞાનિક સમજ હોય તો જ તે સમજાય તેવું છે, નાના બાળક આ પુસ્તકને સમજી શકે એટલું સરળ નથી. પરંતુ હોમી ભાભામાં કોઈ પણ કાર્ય કરતા પહેલા એકાગ્રતાનો ગુણ વધારે હતો.

ગણિત વિષયમાં તો એટલા પાવરધા હતા કે જે દાખલા હોમી ચપટી વગાડતામાં જ ગણી આપતા. આનું મુખ્ય કારણ એ હતું

(વધુ આવતા અંકે...)

## : વાર્તા :
## દલો તરવાડી

એક હતો તરવાડી એનુ નામ હતું દલો.દલા તરવાડીની વહુને રીંગણાં બહુ ભાવે. એક દિવસ દલા તરવાડીની વહુએ દલા તરવાડીને કહ્યું, તરવાડી રે તરવાડી.તરવાડી કહે શું કહો છો ભટાણી. ભટાણી કહે રીંગણાં ખાવાનું મન થયું છે. રીંગણા લાવોને રીંગણા. દલો તરવાડી કહે ઠીક. તરવાડી તો પછી હાથમાં ખોખરી લાકડી લઈ ઠચૂક ઠચૂક ચાલ્યા નદી કાંઠે એકવાડી હતી. ત્યાં ગયા પણ વાડીએ કોઈ ન હતું. તરવાડીએ વિચાર કર્યો કે હવે કરવું શું ? વાડીનાં ધણી અહીં નથી અને રીંગણા કોની પાસેથી લેવા. છેવટે તરવાડી કહે વાડીનો ધણી નથી તો વાડી તો છે ને ચાલો વાડીને જ પૂછીએ. દલો તરવાડી કહે વાડી રે બાઈ વાડી, વાડી ન બોલી એટલે પોતે જ કહ્યું શું કહો છો દલા તરવાડી. દલો તરવાડી કહે રીંગણાફ લઉ બે ચાર, ફરી વાડી ન બોલી એટલે વાડીને બદલે દલો કહે લે ને દસ બાર, દલા તરવાડીએ રીંગણાં લીધા અને ઘેર જઈ તરવાડી તથા ભટાણીએ ઓળો કરીને ખાધો, ભટાણીને રીંગણાનો સ્વાદ લાગ્યો એટલે તરવાડી રોજ વાડીએ આવે ને આ રીતે રીંગણાં લઈ જાય. આ વાડી વશરામ ભુવાના ખેડૂતની હતી. વાડીમાં રીંગણા ઓછા થવા લાગ્યા, વશરામ ભુવાએ વિચાર કર્યો કે જરૂર કોઈ ચોર હોવો જોઈએ. તેને પકડવો જોઈએ એક સાંજે વશરામ ભુવા ઝાડ પાછળ સંતાઈને ઉભો થોડી વારમાં દલા તરવાડી આવ્યા અને બોલ્યા વાડી રે બાઈ વાડી...

**– સુચક દક્ષ અમિતભાઈ**
**ધોરણ–૪**
**રૂપાયતન પ્રા.શાળા, અમરેલી.**

## મારો જૂનાગઢનો પ્રવાસ

મારું નામ મંડોરા શિવાની છે. મે ગયા વર્ષનાં ઉનાળાનાં વેકેશનમાં મારા પરિવાર સાથે નાનકડો પ્રવાસ કર્યો હતો. એમાં અમે ઘરનાં ૮ સભ્ય ગયા હતા.

અમે એક ગાડી બંધાવી હતી. અમે જૂનાગઢ હાઈવે પરનાં એક સ્વીમિંગપુલમાં ગયા હતાં. જેનું નામ હતું ''એકવાર્ટીક'' ત્યાં અમને ખુબ મજા આવી હતી. એ સ્વીમિંગપુલમાં અંદર જ ભોજનાલય તો હતી જ પણ એક કેન્ટિંગ પણ હતી. ત્યાંથી અમે સાંજનાં ૬ વાગ્યે વિદાય લીધી હતી.

ત્યાંથી અમે જુનાગઢ ગયા. જુનાગઢમાં મારા પપ્પાનાં મામા રહે છે. પરંતુ અમે ત્યાં ગીરનારનાં મંદિર પાસે એક આશ્રમ આવેલ છે. અમે ત્યાં રોકાણા હતાં ત્યાં અમે એક રૂમ લઈ બધાં ''ભવનાથનો મેળો'' જોવા ગયા. ત્યાં રમારા કાકાની છોકરી નાની છે.

એનું નામ અનિકા છે. ત્યાં અમે બંને મેળામાં ખૂબ મજા બકકરી પછી અમે ત્યાં ચિપ્સ, બટાકા–ભૂંગળા, આઈસ્કીમ ખાધા.

પછી ત્યાંથી ફરીને અમે પાછા અમારા આશ્રમે ગયાં ને સુઈ ગયા ત્યારબાદ સવારમાં વહેલા ઉઠીને હું મારા કાકા, કાકી, નાના, કાકા, મમ્મી, પપ્પા અને દિદિ અગાસીમાં ઉગતો સૂર્ય જોવા ગયા. પછી ત્યાં ફોટા પાડી નીચે આવતા. ત્યાં કાકાની નજર બાજુમાંથી નીકળતા રસ્તા પર પડી.

પછી અમે એ રસ્તા પર ગયા ત્યાં નકરાં આંબા હતા. નીચે પડેલી કેરી અમે લીધી. એ કેરી મીઠાં સાથે ખાવાની મજા જ પડી ગઈ. પછી થોડા આગળ ગયા ત્યાં એક શંકર ભગવાનનું મંદિર હતું ત્યાં અમે દર્શન કરી આગળ જે ભવનાથ શંકર ભગવાનનાં મંદિરમાં ગયા.

ત્યાં ખૂબ મજા કરી, દર્શન કરી ને અમે એક કુંડ જોયો. જયા એક સાથે દર શિવારાત્રીએ ૧૦૧ બાવા નાવા જાય તેને મૃગીકુંડ કહે છે. મોડી સાંજે અમેં ઘેર આવવા નીકળી ગયાં.

**– મંડોરા શિવાની મનોજભાઈ**
**ધોરણ–૮–એ, શાળાનું નામ : રૂપાયતન અમરેલી.**

## સંકલ્પ કેળવણી માટે યોજનાઓ

# વિચાર શકિત
(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**૧૩. શુદ્ધ ચિન્મય આનંદને સંકલ્પમુકિત**

સતત, તીવ્રને ગાઢ યોગ કે જ્ઞાનસાધના દ્વારા તમે તદ્‌ન સંકલ્પ મુકત થઈ શકો. નર્યા ભાષપણ કરનાર અનેક વકતાઓ કરતાં તદ્‌ન સંકલ્પહીન યોગી જગતનું વિશેષ કલ્યાણ કરી શકે. સામાન્ય લોકોની સમજમાં આ વાત આવતી નથી. જયારે તમે નિર્વિકલ્પ સ્થિતિએ પહોંચો ત્યારે તમારી સાત્વિક શકિત જગતનાં પ્રત્યેક પરમાણુને તરબોળ કરી શુદ્ધ બનાવે છે, જેથી સ્વાભાવિક રીતે બધાની ઉન્નતિ થાય છે.

જડભરતને વામદેવ જેવા નિર્વિકલ્પ જ્ઞાનીઓને અત્યારે પણ બધા યાદ કરે છે. તેઓએ કદી પુસ્તકો લખ્યાં ન હતાં તેમજ શિષ્યો કર્યા ન હતાં. છતાં આ જ્ઞાની પુરુષોની લોકોનાં મન પર પ્રચંડ અસર હતી.

જો તમે વિષયવાસના અને તેનાથી ખરડાયેલી અનૈતિક મનોદશાથી મુકત થઈ શકો તો તમે જ્ઞાન પ્રાપ્ત કરી શકો. જ્ઞાનપ્રાપ્તિ માટે શરીરને વિષય પદાર્થો તેમ જ મન અને અધમ વિચારોને એકબીજાથી અલગ કરવાની જરૂર છે. ત્યારે જ દિવ્ય પ્રકાશ ઉતરી શકે, જેમ વાઈસરોયનાં સ્વાગત માટે બંગલાને જાળાઝંખરા વાળીઝૂડી સાફ કરવામાં આવે છે ને બગીચામાંનું ઘાસ નીંદી કાઢવામાં આવે છે. એવી જ રીતે વાઈસરોયનાં પણ વાઈસરોય એવા પવિત્ર બ્રહ્મનું સ્વાગત કરવા માટે મનરૂપી મહેલમાંથી બધા દુર્ગુણો, વાસનાઓ અને અધમ સંકલ્પો રૂપી કચરો સાફ કરી નાખવો જોઈએ.

જયારે મનમાં કોઈપણ સંકલ્પ કે ઈચ્છા ઉત્પન્ન થાય છે, ત્યારે વિષયી માણસ તેને એકદમ આવકારી સંતોષવાને માટે પ્રયાસ કરે છે. પણ સાધક તો વિવેક દ્વારા અયોગ્ય જણાતાં તેને તરત જ બહાર હાંકી કાઢે છે. સુજ્ઞ પુરુષો વિષયી ઈચ્છાની એક નાની સરખી ચિનગારીને પણ મહાન અનર્થરૂપ માને છે. માટે તેઓ કોઈપણ જાતની ઈચ્છાને મનમાં સ્થાન આપતા જ નથી ને માત્ર આત્મામાં જ આનંદ માણે છે.

સંકલ્પથી સર્જનની ક્રિયા શરૂ થાય છે. સંકલ્પ એટલે જ અમૂર્તમાંથી બાહ્ય મૂર્ત સ્વરૂપ ધારણ કરવું તે. સંકલ્પ એટલે જ ભેદભાવ, અનેકતા અને ગુણનો લોપ, સંકલ્પ એટલે જ સંસાર. સંકલ્પથી જ શરીર સાથે તાદાત્મયનું બીજ રોપાય છે ને ‘ હું’ ને ‘મારા’ પણું ઉદ્‌ભવે છે.

સંકલ્પ જ દેશકાળને ઉત્પન્ન કરે છે. વૈરાગ્ય અને અભ્યાસ દ્વારા આ સંકલ્પોને બંધ કરો અને શુદ્ધ સચ્ચિદાનંદમાં મગ્ન થાઓ. સંકલ્પમાત્રનો નાશ થતાં જીવનમુકત સ્થિતિને પામશો.

**સંકલ્પ દ્વારા સંકલ્પથી પાર જવું**

**૧. સંકલ્પો અને જીવન**

મનુષ્ય વિષયનાં પદાર્થોનું સેવન કરે છે અને તેમાં આસકત થાય છે. તે વિચાર કરે છે કે ફળ શરીર માટે બહુ જ સારાં છે, આથી તે મેળવવા માટે પ્રયાસ કરે છે. ત્યારબા તે મેળવે છે, અને તેનો ઉપયોગ કરે છે. હવે તે ફળમાં આસકત થાય છે. ક્રમે ક્રમે તેને ફળ લેવાની ટેવ પડી જાય છે. અને કોઈ દિવસ જયારે તેને તે મળતાં નથી ત્યારે તેને દુ:ખ થાય છે.

આમ સંકલ્પથી આસકિત, આસકિતમાંથી ઈચ્છા અને ઈચ્છામાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે, કેમકે એક યા બીજા કારણથી જયારે ઈચ્છા ન સંતોષય ત્યારે ક્રોધ આવે જ. ક્રોધમાંથી મોહ ઉત્પન્ન થાય છે.

મોહથી યાદશકિતનો હ્રાસને યાદશકિતનાં હ્રાસથી બુદ્ધિનાશ થાય છે. બુદ્ધિનો નાશ થતાં જ મનુષ્યનો સંપૂર્ણ નાશ થાય છે. માટે જો તમે શાશ્વત શાંતિ મેળવવા ઈચ્છતા હો તો કદી વિષયનાં પદાર્થોની ઈચ્છા કરો નહિ. હંમેશા શાશ્વતકાળને માટે આનંદ સ્વરૂપ આત્માનું ચિંતન કરો.

ઈચ્છાઓ પોતે નિર્દોષ છે. તે સંકલ્પશકિતથી જીવંત બને છે ત્યારે જ ખૂબ અનર્થ કરે છે. મનુષ્ય વિષયભોગોનાં પદાર્થોનું ચિંતન કરો.

ઈચ્છાઓ પોતે નિર્દોષ છે. તે સંકલ્પશકિતથી જીવંત બને છે ત્યારે જ ખૂબ અનર્થ કરે છે. મનુષ્ય વિષયભોગોનાં પદાર્થોનું ચિંતન કર્યા કરે છે અને એમ માને છે કે તેથી તેને ખૂબ સુખ મળશે. આમ, કલ્પનાથી વાસના ઉત્તેજીત થાય છે. કલ્પના ઈચ્છાઓ સાથે એકરૂપ થતાં ઈચ્છાઓને વેગ ચેતન મળે છે અને મોહાંધ જીવ પર જોરપૂર્વક હલ્લો કરે છે.

**૨. સંકલ્પો અને ચારિત્ર્ય**

મનુષ્ય માત્ર સંજોગોવશ પ્રાણી નથી. ઉલટું, તેના સંકલ્પો સંજોગોને ઘડે છે. ચારિત્ર્યશીલ મનુષ્ય સંજોગોમાંથી નવજીવન નિર્માણ કરે છે. તે સતત પ્રયત્નશીલ બની આગળ વધે છે તે પાછળ દ્રષ્ટિ ફેંકતો નથી, પણ હિંમતભેર આગળ ધપે છે.

તેને વઘ્નોનો ભય હોતો નથી. તે કદી ધૂંઆપૂંઆ થતો નથી, ના હિંમત કે નિરાશ પણ થતો નથી. તે શકિત, ઉત્સાહ, ચેતન ને જીવનથી ભરપૂર હોય છે. તે સદા ખંત ને ઉત્સાહથી ઉભરાતો હોય છે.

સંકલ્પોરૂપી ઈંટો દ્વારા ચારિત્રરૂપી મહેલ બંધાય છે. ચારિત્ર હવામાંથી મળતું નથી. તેને ઘડવું પડે છે માટે પ્રથમ તો ઉત્તમ ચારિત્ર નિર્માણ કરવાનો દ્રઢ નિશ્ચય જોઈએ. અને ત્યારબાદ તેને અમલી બનાવવાનો સતત પ્રયાસ કરવો જોઈએ.

તમારું ચારિત્ર ઘડો એટલે તમારું જીવન આપોઆપ ઘડાશે. ચારિત્ર એ જ પ્રચંડ શકિત છે. તે જ મોટામાં મોટી લાગવગ છે. તેનાથી મિત્રો મળે છે, આશ્રય મળે છે ને સહાય મળે છે. દ્રવ્ય પણ તેથી જ મેળે છે. પૈસા, કીર્તિ, સફળતા અને સુખ મેળવવા માટેનો આ સૌથી સહેલો અને ચોક્કસ ઉપાય છે.

વિજય અને પરાજય, સફળતા અને નિષ્ફળતા તેમ જ જીવનનાં બધા પ્રસંગોમાં ચારિત્ર એ જ નિર્ણાયક તત્વ છે, આ લોકમાં તેમ જ પરલોકમાં સારા ચારિત્રવાળો મનુષ્ય જ ઉત્તમ સુખ મેળવે છે.

પ્લેટફોર્મ પરથી આપવામાં આવતાં ભાષણો, પ્રવચનો, શબ્દોનાં સિનેમા અને આડંબરો કરતાં પ્રેમ દયાને વિનયથી કરેલાં નાનાં નાનાં કૃત્યો, બીજાઓ માટે લાગણી કે થોડું પણ દાન રોજનાં વ્યવહારમાં

(ક્રમશ:)

# પ્રયોગશાળાનો દેડકો

## શિશુવંદના

– ગિજુભાઈ ભરાડ

કેટલાક માતા–પિતા પોતાના બાળકો પર જાત–જાતનાં શૈક્ષણિક, આરોગ્યના, અંગ કસરતોના, કલા– કૌશલનાં અને પોપટીયા જ્ઞાનના અખતરાઓ કરે છે. ટેલિવિઝન પર આવતા બાળકલાકારોનાં વિવિધ પ્રદર્શનો જોઈને એને પણ આવી ચાનક ચડે છે અને બાળકોને લઈને દુનિયાનાં દરવાજા ખખડાવા નીકળી પડે છે. હકીકત એ છે કે બાળકમાં રહેલી પ્રતિભાને પિછાનવી એ માતા–પિતાનું પ્રથમ કર્તવ્ય છે. આગળ જતાં થોડી ઘણી એ જવાબદારી વિદ્યાસંસ્થાઓ પણ નિભાવી શકે છે. પરંતુ એ પ્રતિભાઓની પહેચાન વિના એના પર કારકિર્દીની વ્યર્થ આકાંક્ષાઓનો બોજ લાદીને એના વિકાસની સર્વ સામાન્ય પ્રક્રિયાઓમાં વિધ્ન ઉભું કરવું એ મોટો અપરાધ છે.

એનું ખાસ કોઈ પરિણામ હાંસલ થતું નથી અને આગળ જતાં બાળકને પરાણે પકડાવવામાં આવેલો એ કેડો અને છેડો મૂકી દે છે. ગારાનાં ગોરમાને હીરા મોતી ટાંકવા જેવો આ ખેલ રચીને તમારા બાળકની મૂળ પ્રતિભા પણ ઢંકાઈ જાય એવા ખોટા લક્ષ્યાંકો નાની વયે એને પકડાવી દેવા ન જોઈએ.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્‌ ભાગવત મહાત્મ્ય

૨૫૧. મહાપુરૂઅષોનો આદર્શ દ્રષ્ટિ આગળ રાખજો.

૨૫૨. પ્રાત:સમયમાં ઋષિઓને યાદ કરવાથી તેમના ગુણો આપણામાં ઉતરી આવે છે.

૨૫૩. ચોરી અને વ્યાભિચાર બંને મહાપાપ ગણ્યાં છે. આ પાપ સગો ભાઈ કરે, તો તેનો સંગ પણ છોડી દેજો.

૨૫૪. કોઈ જીવનનો તિરસ્કાર કરવો.

૨૫૫. ઈન્દ્રિયોમાં જે ફસાયો તે ભકિત શું કરશે ?

૨૫૬. સત્સંગ ઈશ્વરકૃપાથી મળે છે. પણ કુસંગમાં ન રહેવું તે તમારા હાથની વાત છે.

૨૫૭. ઈશ્વર માટે લૌકિક સુખનો ત્યાગ ન કરે ત્યાં સુધી તે જીવ માટે પ્રભુને દયા આવતી નથી.

૨૫૮. તપ કરવાથી પાપ બળે છે. જીવ શુદ્ધ થાય છે. ગૃહસ્થનો ધર્મ છે કે વર્ષમાં અગિયાર માસ ઘરમાં રહેવું અને એક માસ કોઈ પવિત્ર તીર્થમાં, પવિત્ર સ્થળે એકાંતમાં બેસી તપ કરવું તે વખતે પ્રવૃત્તિ ન હોવી જોઈએ. જે કાર્ય કરો તે પ્રભુ માટે જ કરો.

૨૫૯. તપનું પહેલું અંગ છે જીભ ઉપર અંકુશ.

૨૬૦. જયાં પ્રેમ હોય ત્યાં માગીને ખાવાની ઈચ્છા થાય છે.

# જ્ઞાનમંજરી

૨૧. વિસ્તારની દ્રષ્ટિએ ભારતનું સૌથી મોટું રાજય કયું છે ?
– રાજસ્થાન

૨૨. ભારતમાં સાક્ષરતાનો દર કેટલો છે ?
– ૭૪.૦૪

૨૩. ભારતમાં સૌથી ઓછી સાક્ષરતા ધરાવતું રાજય કયું છે ?
– બિહાર

૨૪. સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન કોણ હતું ?
– પંડિત જવાહરલાલ નહેરુ

૨૫. સ્વતંત્ર ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ કોણ હતાં ?
– ડો. રાજેન્દ્ર પ્રસાદ

૨૬. ભારતની લોકસભાનાં પ્રથમ સ્પીકર કોણ હતા ?
– ગણેશ વી. માવળંકર

૨૭. ભારતની લોકસભાની સભ્યસંખ્યા કેટલી છે ?
૫૪૨(પ્લસ ૨ એંગલો ઈન્ડિયન)

૨૮. વર્તમાન ભારતનાં વડાપ્રધાન કોણ છે ?
– નરેન્દ્ર મોદી

૨૯. વર્તમાન ભારતનાં રાષ્ટ્રપતિ કોણ છે ?
– દ્રોપદી મુર્મુ

૩૦. વર્તમાન ભારતનાં સ્પીકર કોણ છે ?
ઓમ બિરલા

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## : આરોગ્યની ચાવી :
## રોટલો પીવો, પાણી ખાવું !

લગ્ન પ્રસંગે બત્રીસ પ્રકારની વાનગીઓ બે હાથે આરોગતા અકરાંતિયા લોકો ડોકટરે આપેલી સુચનાઓ ભૂલી જઈને જીભનાં સ્વાદને સંતોષતા હોય, પણ એને પેટની પરવા ન હોય !

ભોજન પાચક–પોષક હોય, ભલે સાવ સાદું હોય, અને તે બનાવનારનો તેમાં ભાવ ભળેલો હોય, તે પચે, તેનું રકત બને ! જયારે અહીં તો માત્ર કેટરર્સને દ્રવ્ય લાભ થાય છે.

સ્વાદશોખીનો છેવટે સારવાર લેતા હોય છે, વાનગી અને રૂપિયાનો બગાડ થતો રહે છે.. અને ખૂબી એ છે કે, છતાં લોકો યજમાનની ‘વાહ વાહ’ કરતા રહે છે !

# મારી પ્રિય રમત : ફૂટબોલ

મારી પ્રિય રમત ફૂટબોલ છે. મને ફૂટબોલ રમવું ખૂબ જ ગમે છે અને મને નાની હતી ત્યારે ફૂટબોલર રોનાલ્ડો અને મેસી જેવું બનવાની પ્રેરણા મળી હતી.

ફૂટબોલ એ આંતરરાષ્ટ્રીય રમત છે અને મારું એવું સપનું છે કે હું ફૂટબોલ રમવામાં આગળ વધું અને ખૂબ મહેનત કરું કે જેથી હું જીલ્લા કક્ષાએ, રાજયકક્ષાએ રમવા જઈ શકું.

અમે અમારી સોસાયટીમાં અથવા મેદાનમાં જયાં રમવા મળે ત્યારે અમે ફૂટબોલ રમીએ છીએ. ફૂટબોલમાં બે ટીમ હોય છે. ફૂટબોલથી હજી ઘણી બધી રમતો રમી શકાય છે. જેમ કે લેગ ક્રિકેટ, વોલીબોલ, બાસ્કેટબોલ જેવી રમતો રમી શકાય છે.

ફૂટબોલ રમવી એ એક સારી બાબત છે કે, જેથી આપણા શરીરને કસરત મળે છે અને જેને કસરત કે યોગાસન કરવામાં આળસ આવતી હોય તો તેને આવી આઉટડોર રમત રમવી જોઈએ કે જેથી તન, મન અને બુદ્ધિનો વિકાસ થાય છે.

હું એક સારી ફૂટબોલર બનવા ખૂબ મહેનત કરીશ. ઘણા એવા વિસ્તારમાં છોકરીઓને આવી રમતો રમવા આપવામાં આવતી નથી. પણ હવે આ બદલતા નવા કળયુગમાં છોકરીઓ છોકરાઓને પણ પાછળ મૂકી દે છે. જેમ બને. તેમ આપણે આઉટડોર રમતો રમવી જોઈએ. જેથી આપણું સ્વાસ્થય જળવાઈ રહે છે.

**– શિરોયા આયુષી ઘનશ્યામભાઈ**
**ધોરણ–૯–એ, દિપક હાઈસ્કૂલ, રૂપાયતન અમરેલી.**

## વાર્તા
# ઉજાણી

"મામા, હું બાગમાં રમવા જઉ ?"

"અરે, એમાં પૂછવાનું હોય? હવે રજાઓ પૂરી થાય ત્યાં સુધી આ બાગ
અને ઘર તારું જ છે. પણ બાગની બહાર ના જતો ને મામીને ચિંતા થાય એવું કોઈ કામ ના
કરીશ."

" સારું મામા,"

મામીએ કહયું 'આ ડબ્બામાં થોડું ખાવાનું લેતો જા અને કોઈ ઝાડ નીચે બેસી ખાજે, મઝા આવશે.

શ્યામ ડબ્બો લઈ ખુશ થતો થતો બાગ તરફ દોડી ગયો.

બાગમાં ખૂબ બધાં ઝાડ હતા. ફળ અને ફુલથી લચી પડયાં હતાં. શ્યામ બધાં ઝાડ તરફ જોતો જોતો આગળ વધ્યો. પછી એક ઘટાદાર ઝાડ નીચે બેઠો.

ત્યાં એક ખિસકોલી ફરતી ફરતી આવી. 'અરે, આ તો ખિસકોલીબહેન ? આવો, આવો ખિસકોલીબહેન, ખિસકોલી તો પહેલાં થોડી ગભરાઈ.શ્યામને યાદ આવ્યું કે તેના ખીસમાં થોડા શીંગદાણા પણ હતા.

એણે રૂમાલ પાથરી તેમાં શિગ–ચણા મૂકયા. ખિસકોલીએ થોડીવાર શ્યામ સામે જોયું અને
પછી ધીમે ધીમે રૂમાલ પાસે જઈ એક સીંગ લીધી અને દૂર બેસી ખાવા લાગી. ધીમે ધીમે
પછી તો રૂમાલ પર બેસી ખાવા લાગી, આ જોઈ શ્યામ બહુ ખુશ થઈ ગયો. શ્યામ બોલ્યો ' તને ભાવ્યું? ' તો કાલે ફરીથી લાવીશ'

બીજે દિવસે શ્યામ એક મોટો ટુવાલ, બે ખીસા ભરી શીંગચણા અને ડબામાં નાના કટકા કરેલા કેળાં લઈ ગયો.

ઝાડ પાસે ખિસકોલી તેની રાહ જ જોતી હતી.

શ્યામે કહયું, 'ખિસકોલીબહેન, તમારે બીજા મિત્રો નથી ?' ખિસકોલીએ એની સામે જોયું અને સમજતી હોય એમ એણે અવાજ કર્યો. અવાજ સાંભળી ઝાડ પરથી બહુ બધી નાની–મોટી ખિસકોલીઓ આવી. બધાંએ સીંગ ચણા ખાવા માંડયા. આમ બધાં શ્યામનાં મિત્રો બની ગયાં. પછી તો શ્યામનાં ખભા પર કે ખોળામાં બેસી રમતાં હતાં. એકબીજાની વાતો સમજવા લાગ્યા.

શ્યામે ખિસકોલીને પુછયુ ' અહી બધા પક્ષીઓનો કલરવ સંભળાય છે તો તેમનાં માળા કયાં છે ?

ખિસકોલી શ્યામ સામું જોઈ ઝાડ પર ચઢવા લાગી અને અડધે ચડી પુછંડી હલાવી શ્યામને બોલાવવા લાગી. શ્યામે કહયું, 'મને ઝાડ પર ચઢતાં નથી આવડતું.' ખિસકોલીએ તેને પગનાં પંજા ટેકવી ઝાડ પર ચઢવાનું શિખવાડયું અને તેને એક માળો બતાવ્યો. તેમાં પોપટનાં બે બચ્ચાં સુતાં હતાં. તેને તે બહુ ગમ્યાં. શ્યામ માળા નજીક જવા લાગ્યો. ખિસકોલીએ જોરથી માથું હલાવીા માળા પાસે જવાની ના પાડી.

આમ ધીમે ધીમે ખિસકોલીએ શ્યામને બાગનો ભોમિયો બનાવી દીધો. તેને ઘુવડની બખોલ, બુલકુલ, ચકલીઓ, કોયલ વગેરેનાં માળા બતાવ્યા. શ્યામ ખુબ ખુશ થઈ ગયો.

આમ કરતાં કરતાં એક મહિનો કયાં પસાર થઈ ગયો તે ખબર ના પડી. શ્યામે કહયું,'કાલે હું દિવાળીનાં ફટાકડા લેવા મામા સાથે જવાનો છું.' ફટાકડાનું નામ સાંભળી ખિસકોલી દોડપી શ્યામનાં ખિસ્સામાં સંતાઈ ગઈ. શ્યામ કશું સમજે તે પહેલાં ઝાડ પરનાં પક્ષીઓ, ખિસકોલીઓ વગેરે શ્યામની આજુબાજુ વિટળાઈ ગયાં અને જાણે કહેતા ન હોય કે ફટાકડા નહીં ફોડવાનાં.

કેમ કે અમને અને અમારાં બચ્ચાને અવાજની બીક લાગે છે.

શ્યામને ખ્યાલ આવી ગયો. તેણે કહયું, 'જરૂર, હું અવાજ થાય તેવા ફટાકડા નહીં લાવું, બસ ?"

પંખીઓએ કહયું, 'ના, એકેય ફટાકડા નહી. એનો ધુમાડો નથી ગમતો.' શ્યામ એમની વાત સમજી ગયો. તે બોલ્યો, 'ભલે, હવેથી ફટાકડા બંધ. સૌ સાથે હળશું – મળશું, નવા કપડાં પે'રશુંને દિવાળી ઉજવશું.

આ સાંભળી બધાં ખુબ ખુશ થઈ ગયાં. શ્યામે તે વર્ષથી જ ફટાકડા લાવવાનું બંધ કરી દીધું.

**– અમી કર્દમ યાજ્ઞિક**

# પુત્રને પત્ર

## માતા–પિતા બાળક (પુત્ર)ને પત્ર લખે તો કેવો હોય ?

એક નર્સ અને બીજા પ્રા.શિ.મા–બાપ પોતાનાં એકના એક દીકરાને IIIT હૈદ્રાબાદમાં મુકી પાછા વળતાં હૈદ્રાબાદથી જામનગર રેલ્વેમાં બેસી સહૃદયથી મિત્ર સમાન યુવાન પુત્રને લખેલ અત્યંત સંવેદનશીલ પત્ર... તંત્રી

વ્હાલા દીકરા...

હોસ્ટેલમાં મુકીને પરત આવતા ટ્રેનમાં આ પત્ર તને લખી રહયો છું.

B.Tch. કરવા માટે ચરોતરમાં તને મુકયો ત્યારે બહુ ચિંતા નહોતી કેમ કે તું ગુજરાતમાં હતો. હવે તું બીજા રાજયમાં છો એટલે થોડીક વાતો સેર કરવી છે.

તારે ધોરણ ૧૨ પછી જ IIIT માં જવું હતું પણ ત્યારે સંજોગો નહોતા. તારી મહેનત ઓછી ન હતી. આમેય સમયથી પહેલાં અને નસીબથી વધુ કોઈને કશું મળતું નથી.

હવે તને મનગમતી જગ્યાએ – કોલેજમાં પ્રવેશ મળ્યો છે, ત્યારે અમારી ચિંતા કર્યા વિના અભ્યાસમાં ધ્યાન આપજે. જો કે તને એ કહેવું પડે એમ નથી. એ બાબતે અમે નસીબદાર મા–બાપ છીએ.

ખાસ અગત્યનું એ કે તારૂં શરીર સાચવજે. હવે તારે મગજ અને આંખોથી વધારે કામ લેવાનું માટે શરીરને સાચવજે.

તને કરોડોનું પેકેજ ના મળે તો પણ અમને વાંધો નથી. તારી આવડત, યોગ્યતા અને નસીબ મુજબ ચોકકસ મળશે.

કોલેજમાં, હોસ્ટેલમાં નવા મિત્રો બનાવજે. કોઈને જરૂર હોય તો મદદ પણ કરજે. તને ના સમજાય એ તારા પ્રોફેસરને, મિત્રને પુછજે. બીજાને ના સમજાય અને તને આવડતું હોય તો એ તું એને સમજાવજે.

અત્યાર સુધી તું મને તારી દરેક વાત કરતો હતો. હવે પણ એમ જ વર્તજે. હવે તું મોટો થયો. તારાં કપડાં હું પહેરી શકું એવડો મોટો તું થયો એટલે તુ મારો મિત્ર થયો. ગમે તે વાત હોય મને જણાવજે.

કયારેય મુંઝાતો નહી. અમે તારી સાથે જ છીએ.

તારી સફળતાનાં હકદાર અમે નથી છતાં ફુલાઈએ છીએ તો તારી નિષ્ફળતામાં પણ અમે તારી સાથે જ છીએ.

ઘરથી દુર હોવાથી તારે થોડીક સાવધાની રાખવી પડશે.... વ્યસન, ખોટી સંગતથી દુર રહેવું પડશે.

તને ઉડવા માટે પાંખો મળી છે તો એ પાંખોથી સાંજે માળામાં પાછું પણ આવી જવાનું છે.

દાદા તારી પ્રગતિથી ખુશ જ હોય, પણ તું એનાથી દુર જાય એ એમને ગમતું ન હતું. બીજું કંઈ નથી. પૈસા વાપરજે. લોભ ના કરતો, આજે મારી પાસે પૈસા છે પણ શરીર નથી. અત્યારે તબિયત સારી નથી પણ દવા લઈ લઈશ. એટલે મને સારૂં થઈ જશે. અમે એકબીજાને સાચવી લેશું, તારી મમ્મી પણ લાગણીશીલ છે બધાનું ખુબ ધ્યાન રાખે છે.

તું દરરોજ સમય મળે ત્યારે કોલ કરજે અને સવારે ઉઠીને ઈશ્વરને યાદ કરી પછી મેસેજ મુકી દેજે.

જયારે રજા પડે ત્યારે ઉડીને આવી જજે, પૈસાની ચિંતા ના કરતો. જોઈએ તો મંગાવી લેજે. એ બાબતે મારા જેવો ના થતો ! હવે એ મારા સ્વભાવમાં વણાઈ ગયું છે ! ખાસ શરીર સાચવજે. સવારે વોક કરજે. હું પણ વોક કરતાં તને યાદ કરીશ. સાચું અને સારૂં ખવાય તેમ કરજે. ભૂખ્યા ના રહેવું ઉંઘ પુરી કરવી. આખો દરિયો ના પીવાય એમ બધું ભણી લેવાની જરૂર નથી ! જો કે, તને ધુન લાગે પછી તું મહેનત કરવામાં બાકી રાખતો નથી.

અમે કયારેક માવતર કમાવતર થયા હોઈશું. પણ એને ભુલી જજે. આખરે બધા માણસ જ છીએ..(કાચનાં વાસણ જ !)

તને સારી કોલેજ મળી એનો અમને આનંદ છે.

દરેક વખતે મનગમતું મળે જ એ જરૂરી નથી. જે મળે એને મનગમતું બનાવી લેજે. કોલેજની દરેક પ્રવૃતિમાં ભાગ લેજે.

આજનાં યુવાનો તારા જેવા નથી પણ એને સુધારવાની જવાબદારી આપણી નથી.

જો કે તારી કોલેજનાં યુવાનો બહુ સારા, ભલા અને માયાળું છે.

કેવા હોશિયાર બાળકો સોથ તારે રહીને અભ્યાસ કરવાનો છે ! એ કલ્પનાં જ અનોખી છે !


આખા ભારતનું 'ક્રીમ' તારી કોલેજમાં અભ્યાસ કરશે. – એમાં એક 'તું' હોઈશ !!

બસ આજે આટલું જ....

લિ. તારા પર ગર્વ કરતાં તારા મમ્મી – પપ્પાનાં આશિષ.....

**: પ્રેસ્ક પત્ર :**
**નૌશાદ ઉકાણી**


# આ મારું ચિત્ર છે




**નીકુલ કે. મકવાણા**
**(ધો.૩–રૂપાયતન પ્રા. શાળા અમરેલી)**



**ગોહિલ નિયતી દીલીપભાઈ**
**(ધો.૩–રૂપાયતન પ્રા. શાળા અમરેલી)**



**કુરેશી ફાતિમા અલારખભાઈ**
**(ધોરણ–૩–રૂપાયતન પ્રા. શાળા અમરેલી)**



**સરવૈયા કુંજ રોનકભાઈ**
**(ધો.૩–રૂપાયતન પ્રા. શાળા અમરેલી)**

# સાવરકુંડલાનાં બાઢડા પ્રાથમિક શાળા ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો



લાભથી વંચિત હોય તેવા લાભાર્થીઓને 'આપણો સંકલ્પ–વિકસિત ભારત' અંતર્ગત વિવિધ યોજનાકીય સહાયનો લાભ મળી રહે તે માટે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. લાભાર્થીઓને વધુમાં વધુ લાભ મળી રહે અને તેમના જીવનધોરણમાં હકારાત્મક પરિવર્તન આવે, તેમની આર્થિક અનેસામાજિક ઉન્નતિ થાય તેવા હેતુ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ' વિકસિત ભારત સંકલ્પ યાત્રા' શરૂ છે. જિલ્લાના સાંસદ નારણભાઈ કાછડિયાના અધ્યક્ષ સ્થાને સાવરકુંડલાના બાઢડા પ્રાથમિક શાળા ખાતે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો. વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં સાવરકુંડલા લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, કાર્યકારી જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી દિનેશ ગુરવ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' રથનું બાઢડા ગ્રામજનોએ ઉમળકાભેર સ્વાગત કર્યું હતું.'મેરી કહાની,મેરી ઝુબાની' અંતર્ગત વિવિધ યોજનાઓના લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતા. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, આઈસીડીએસ યોજનાઓના લાભાર્થીઓને કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અન્વયે આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતુ. અંત્યોદય યોજનાના લાભાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ૧૦૦ ટકા જમીન રેકર્ડ ડિજિટલાઈઝેશન, ૧૦૦ ટકા નલ સે જલ યોજના અમલીકરણ, ઓ.ડી.એફ. પ્લસ સહિતના પ્રમાણપત્રો ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલસંબંધિત ગ્રામ પંચાયતોને એનાયત કરવામાં આવ્યા હતા. સાવરકુંડલા લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ, ' વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમને સંબોધન કરતા જણાવ્યુ કે, છેવાડાના માનવી સુધી સરકારની વિવિધ યોજનાઓના લાભ પહોંચી રહ્યા છે. કેટલીય પરિસ્થિતિ અને વ્યવસ્થાઓમાં હકારાત્મક પરિવર્તનો આવ્યા, આથી સરકારી યોજનાઓનું સરળ રીતે અમલીકરણ થઈ રહ્યું છે. ટેક્નોલોજીની મદદથી સરકારી યોજનાઓની સહાય રકમ સીધી જ લાભાર્થીના બેન્ક ખાતામાં જમા થઈ રહી છે. સરકાર દરેક ગરીબની ચિંતા કરી રહી છે. ઝેરમુકતખેતીની હિમાયત કરતા તેમણે વધુમાં જણાવ્યુ કે, પ્રાકૃતિક કૃષિ એ સમયની જરૂરિયાત છે, જમીનમાં ઉગાડવામાં આવતાં વિવિધ પાક માટે રાસાયણિક ખાતર અને પેસ્ટીસાઈડસ દવાઓનો ઉપયોગ ઓછો કે નહિવત થાય તે આવશ્યક છે. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનોએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ચ્યુઅલ પ્રવચનને નિહાળ્યું હતું. પ્રધાનમંત્રી મોદીએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો હતો. ' વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં જિલ્લાના સાંસદ નારણભાઈ કાછડિયા, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડિયા, જિલ્લા અને તાલુકા પંચાયત સભ્યો, સાવરકુંડલા લીલીયા પ્રાંત અધિકારી, સાવરકુંડલા તાલુકા મામલતદાર, સાવરકુંડલા તાલુકા વિકાસ અધિકારી, પદાધિકારીઓ, અધિકારીઓ–કર્મચારીઓ સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## સા.કુંડલા પંથકમાં ૭૫ વર્ષની

વોરાનાં ધર્મપત્ની ડોકટર હીરાબેન વોરાએ ૯૫ વર્ષની વયે કાયમી વિદાય લઈ લેતા આજે ૭૫ વર્ષની લવ સ્ટોરીનો કુદરતી અંત આવી ગયો છે.

ઉંડો નિસાસો નાખતા જણાવે છે કે, અમારા ૭૫ વર્ષના લગ્ન જીવનમાં અમે બંને ઝગડયા હોઈએ એવો એક પણ પ્રસંગ બન્યો નથી. ઘણા વર્ષોથી મુંબઈમાં જ વસતા આ બંનેના કુટુંબો એક નાગર પરિવારનો કુમાર અને બીજી કપોળ મહાજન પરિવારની કુમારીકા બંને હાઈસ્કૂલમાં મુંબઈ શહેરમાં સાથે ભણતા ભણતા પરિચય થયો ડોકટર હીરાબેન વોરા ધનાઢ્ય કુટુંબમાંથી આવતા હતા જયારે ડોકટર ઉષાકાંત વોરા સાવ સાધારણ સામાન્ય પરિવારમાંથી આવતા હતા ત્યારે કયારેક ડોકટર ઉષાકાંત વોરા પાસે પાઠ્યપુસ્તકો કે કોલેજની ફી ભરવાની પણ સગવડતા ન હોય ત્યારે પોતાના પ્રિયતમને મનોમન સર્વસ્વ અર્પણ કરી બેસેલા હીરાબેન, ઉષાકાંતભાઈને સહેજ પણ આત્મસન્માન ઘવાય નહીં તે રીતે મદદ કરતા રહેતા. હવે કુદરતે જાણે પોતે જ આ બેલડીને આખું જીવન એકબીજાનો પડછાયો બનીને રહેવા સર્જયા હોય તેમ જામનગર કોલેજમાં મેડિકલ કોલેજમાં છ મહિનાના અંતરાલે બંનેને એક સાથે એડમિશન મળી ગયું. હવે લવ સ્ટોરી એના પુરા રંગમાં ખુશી ખુશી પસાર થવા લાગી.

આજથી ૭૫ વર્ષ પહેલાં રૂઢિચુસ્ત જમાનામાં પ્રેમ લગ્ન એટલે કે જાણે ધરતીકંપ..એમાંય આ બંને કુટુંબો એક નાગર અને એક કપૂર મહાજન પૂરેપૂરા રૂઢિચુસ્ત પરંતુ આ બેલડીને જામનગર મેડિકલ કોલેજના ડીન સહિત તમામ સ્ટાફ વિદ્યાર્થીઓનો પૂરેપૂરો સહયોગ એટલે બંનેએ પરિવારની મરજી વિરુદ્ધ લગ્ન કરી લીધા હવે ડોકટર હીરાબેન વોરા મેડિકલ અભ્યાસ પૂર્ણ થયા બાદ કોઈ પરિચિત સાવરકુંડલા તેડી લાવ્યા અને કુંડલા વિભાગમાં નાની એવી રૂમમાં ગાયનેક પ્રેક્ટિસ ચાલુ કરી થોડા સમયમાં ડોકટર ઉષાકાંત વોરા પણ કુંડલા આવી પહોંચ્યા અને ધીમે ધીમે આ દંપતીની સુવાસ સારાએ વિસ્તારમાં ફેલાવા લાગી એ જમાના ની વાત કરતા કરતા ડોકટર ઉષાકાંત વોરા જણાવે છે કે ગામડાઓમાં અડધી રાત્રે ગરીબ ઘરોમાં ડિલિવરી કેસ આવે ત્યારે અમે બંને જતા અને ત્યાં એક બે કે પાંચ કલાક તો કયારેક આખી રાત પેશન્ટ પાસે બેસી રહીને નેચરલ ડિલિવરી કર્યા વગર ઉઠીએ જ નહીં આટલો સમય નહીં ચા કે નહી પાણી કશું જ લેવાનું નહીં અને આટલા કલાકની મહેનત પછી ફી આપવાની વાત આવે ત્યારે સામેના ઘરની પરિસ્થિતિ જોઈ ફીને બદલે નવજાત બાળક અને માતાને ઈશ્વર ભલું કરે સાજા નરવા રાખે એટલું કહીને એક પણ રૂપિયો લીધા વગર નીકળી જવાનું. અમે બંને અમારું આખું જીવન પૂજય પાંડુરંગ દાદા પ્રેરિત સ્વાધ્યાય પરિવારમય થઈને જ જીવી ગયા છીએ.

અમે દરેક ઘરને મંદિર બનાવવાનું અમારું મિશન આજ દિન સુધી ચાલુ છે.છેલ્લા ઘણા સમયથી ડોકટર હીરાબેન વોરા સાવ પથારીવશ હતા ત્યારે સતત ૨૪ કલાક ડો.ઉષાકાંત વોરા કે જે પોતે પણ ૯૫ વર્ષના છે તેમણે એક પણ ક્ષણ પોતાની પ્રિયતમાને એકલી રહેવા દીધી નથી. અડધી રાત્રે પણ પોતે ઉઠીને હીરાબેન ની પથારી સરખી કરે સરખું ઓઢાડે અને એ પણ મજબૂરીથી નહીં પણ અંતર આત્માના પ્રેમથી સેવા કરતા રહ્યા. સલામ છે આ ડોકટર દંપતીને.

## જામનગરના વિજરખી ડેમમાં એક યુવકે મોતની છલાંગ લગાવી

જામનગર,તા.૧

જામનગરના વિજરખી ડેમમાં એક યુવકે મોતની છલાંગ લગાવી છે. યુવકે અંગત કારણોસર ગઈકાલે યુવકે ડેમમાં છલાંગ લગાવી મોત વ્હાલુ કર્યુ હતું.

ફાયર વિભાગે ભારે જહેમત બાદ યુવકનો મૃતદેહ શોધ્યો હતો. આત્મહત્યા પહેલાં યુવકે બનાવેલો વીડિયો પણ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર જામનગર શહેરના કાલાવડ નાકા બહાર આવેલ ઝુલેખા મસ્જિદ પાસે રેહતો અબ્દુલકાદિર આરબ નામના યુવાને અગંત કારણોસર વિજરખી ડેમમાં કૂદી જીવનનો અંત આણ્યો.

પાના ૧ ઉપરનું ચાલું
## બાબરાનાં નગરસેવિકાનાં પતિ

તાત્કાલિક ખબર પડી કે આટલો મોટો જથ્થો મૂળશંકરનાં ઘરે અને દુકાને પડયો હતો. આ વાત પણ હાલ શહેરમાં ચર્ચાઈ રહી છે.

મૂળશંકર તેરૈયા પાસે બહુ મોટા વિસ્તારોની આ આયુર્વેદીક સીરપની એજન્સી હતી એના હિસાબે ટ્રકનાં ટ્રક માલ ઉતારીને શહેરમાં ખુલ્લેઆમ વેચતો અને બહારગામ પણ કારમાં પેટીઓ ભરીને ડિલિવરી આપવાં જતો.

મૂળશંકર તેરૈયાને બસ સ્ટેન્ડ સામે પાન પાર્લરની દુકાન છે એમાં થોડાં મહિનાઓ પહેલાં ખુલ્લેઆમ લોકોને આ આયુર્વેદીક સીરપ પાવવામાં આવતું. દુકાનની અંદર ટેબલ, ખુરશી નાખવામાં આવી હતી જાણે બિયર બાર હોય એમ લોકો ખુલ્લેઆમ આ આયુર્વેદીક સીરપનું સેવન કરતાં. જયારે કાલે મોટો જથ્થો ત્રીજી વાર ઝડપાતા મૂળશંકર તેરૈયા ભૂગર્ભમાં ઉતરી ગયો છે. આ વખતે તેને ગંધ આવી ગઈ છે કે હવે બહાર આવવું મૂશ્કેલ થશે એટલે ભૂગર્ભમાં ઉતરી ગયો. આગામી દિવસો ભાજપ દ્વારા ઉપર રિપોર્ટ કરીને મૂળશંકર તેરૈયા પર ભાજપ કોઈ પગલાં લેશે અને ભાજપમાંથી હકાલપટ્ટી કરવામાં આવશે તેવું પણ ચર્ચાય છે.

બીજી તરફ અમરાપરામાં પણ ખુલ્લેઆમ દેશી દારૂનું વેચાણ કરવામાં આવી રહ્યું છે એ પણ જાણે પોલીસની મીટ્ટી નજર હેઠળ ચાલતું હોય એવું લાગી રહ્યું છે. કોઈ રોકટોક વગર ખુલ્લેઆમ દેશી દારૂનું વેચાણ થાય છે તો ત્યાં પણ એક મોટા લટ્ઠાકાંડની રાહ જોવાય રહી છે. જો ન કરે નારાયણ અને એવું કંઈ બનશે તો જવાબદાર કોણ એવા પણ સવાલો શહેરમાંથી ઉઠી રહ્યા છે. આ દેશી દારૂ પીવાનાં કારણે કંઈકનો પરિવાર ઉજડી રહ્યો છે. તો આ બાબત પણ પોલીસ દ્વારા ચુસ્ત અમલ કરી આવા ધંધા ચાલતા બંધ કરાવવા જોઈએ જેથી બરબાદી તરફ જતાં અનેક લોકો અટકે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં નાના આંકડીયા ગામે

૧,૨૯,૫૦૦ તેમજ એક એન્ડ્રોઈડ ફોન કિમત રૂપિયા ૫,૦૦૦ નો કોઈ અજાણ્યા ઈસમ ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ હોય, જે અંગે જોગડાભાઈએ અજાણ્યા ચોર ઈસમ વિરુધ્ધ ફરીયાદ અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી.

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા ઉપરોકત ગુનાના અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવતા બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે અમરેલી તાલુકાના ચિતલ ગામે તપાસ દરમિયાન એક બાળ કિશોરને ઉપરોકત ચોરીના મોબાઈલ ફોન તથા રોકડ રકમ સાથે પકડી પાડી, મજકુર બાળ કિશોરની તેના વાલીની રૂબરૂ પુછપરછ કરતા પોતે તથા પોતાના બનેવી કુંવરસિંહ કિશનભાઈ બામનીયા (રહે.કરચટ મધ્યપ્રદેશ)એ નાના આંકડીયા ગામે એક વાડીના મકાનમાંથી ચાંદીના દાગીના તથા રોકડ રકમ તથા મોબાઈલ ફોનની ચોરી કરેલ હોવાનું જણાવતા હોય, મજકુર બાળ કિશોર તથા રોકડા રૂ.૪૦,૦૦૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન, કિમત રૂપિયા ૫,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૪૫,૦૦૦ નો મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે. જયારે પકડવાના બાકી આરોપી કુંવરસિંહ કિશનભાઈ બામનીયાની શોધખોળ આદરી છે.

## કોટડા પીઠા ખાતે વિકસીત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયો

કોટડાપીઠા, તા. ૧

સમગ્ર દેશમાં વિકસીત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ત્યારે બાબરા તાલુકાનાં કોટડાપીઠા ખાતે તા.૧/૧૨/૨૦૨૩નાં રોજ વિકસીત ભારત સંકલ્પ યાત્રા રથ આવી પહોંચતા પ્રા.શાળાઓની બાળા દ્વારા કુમકુમ તિલક કરી ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ લાભાર્થીઓને વિવિધ યોજના સહાય વિતરણ તેમજ કલ્યાણકારી યોજનાઓની જાણકારી અપાઈ હતી. તેમજ મેરી કહાની મેરી જુબાની અંતર્ગત લાર્ભાથીઓને પોતાને મળેલ વિવિધ યોજનાનો લાભો વર્ણવ્યા હતા. આ ૨૫ દ્વારા ૧૭ (સતર જેટલી યોજનાના લાભ મેળવી રહયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ઘર આંગણે આવી રહેલા આ રથ મારફતે નાગરીકોને વિવિધ યોજના પકી માહિતગાર થઈ માર્ગદર્શન મળેલ તેમજ વિકસીત ભારત સંકલ્પ યાત્રાની પ્રતિજ્ઞા સૌએ લીધી હતી.

આ વિકસીત સંકલ્પ યાત્રામાં બાબરા તાલુકા પંચાયતના એ.ટી.ડી.ઓ. કિરીટભાઈ ભરાડ, ગામનાં માજી સરપંચ તેમજ માજી ઉપસરપંચ, તેમજ સંબંધીત તમામ ખાતાનાં કર્મચારીઓ, ગામનાં આગેવાનો તેમજ ગ્રામ્ય જનતાએ મોટી સંખ્યામાં હાજરી આપેલ.



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

પાના ૧ ઉપરનું ચાલું
## સા.કુંડલાનાં મણીનગરમાંથી

સારવાર કરવા માટેની ડિગ્રી વગર પોતે કલીનીક ચલાવી, દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી.મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી પણ ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ–૮ કુલ કિંમત રૂા. ૮૯૬–૨૫ ના મુદ્દામાલ રાખી મેડિકલ પ્રેકિટસ કરી, પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય, તેવુ પોતે જાણતા હોવા છતા દર્દીઓને નીદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાય છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૦ | ૧૪૫૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૧૫ | ૧૧૬૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૯૨૬ | ૧૪૫૯ |
| ૨ | શિંગદાણા | ૧૧૫૦ | ૧૪૧૦ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૩૪૫૦ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૩૩૨૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૨૨૮૫ | ૪૦૧૫ |
| ૬ | બાજરો | ૪૦૧ | ૫૫૫ |
| ૭ | જુવાર | ૫૪૨ | ૧૨૭૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૪૧ |
| ૯ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૫ |
| ૧૦ | અડદ | ૧૮૨૦ | ૨૦૫૫ |
| ૧૧ | ચણા | ૮૦૦ | ૧૨૮૩ |
| ૧૨ | કપાસ | ૯૫૦ | ૧૪૭૪ |
| ૧૩ | એરંડા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૪ | જીરૂ | ૮૨૦૦ | ૮૬૨૫ |
| ૧૫ | ધાણા | ૧૦૫૦ | ૧૬૩૫ |
| ૧૬ | મેથી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૧૭ | સોયાબીન | ૬૮૦ | ૯૬૮ |
| ૧૮ | રજકાનું બી | ૧૨૭૫ | ૪૧૦૦ |
| ૧૯ | મરચા લાંબા | ૧૪૦૦ | ૩૫૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૨ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૧૨૨૨ | ૧૩૭૦ |
| ૩ | ચણા | ૧૧૮૨ | ૧૧૮૨ |
| ૪ | જુવાર સફેદ | ૧૩૫૨ | ૧૩૯૦ |
| ૫ | ઘઉં | ૪૫૦ | ૫૮૧ |
| ૬ | બાજરો | ૪૩૦ | ૪૩૦ |
| ૭ | મગ | ૨૫૧૧ | ૨૫૧૧ |
| ૮ | સોયાબીન | ૯૨૬ | ૯૪૦ |
| ૯ | એરંડા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | તલ સફેદ | ૩૧૨૧ | ૩૨૩૨ |
| ૧૧ | મકાઈ | ૫૨૨ | ૫૨૨ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૬૧ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૪૧ |
| ૩ | તલ સફેદ | ૩૨૫૦ | ૩૩૫૧ |
| ૪ | તલ કાળા | – | ૩૩૭૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૫ | ૫૯૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૪૦ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૫૦૦ |
| ૯ | જુવાર | ૭૫૦ | ૧૪૦૦ |
| ૧૦ | મકાઈ | ૪૫૦ | ૫૫૦ |
| ૧૧ | મગ | ૧૯૦૦ | ૨૭૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૫૧ | ૯૬૦ |
| ૧૪ | ધાણા | ૧૩૭૫ | ૧૬૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૨૧૪ | ૧૪૨૬ |
| ૩ | તલ સફેદ | ૨૫૧૫ | ૩૨૮૫ |
| ૪ | જુવાર | ૮૩૦ | ૧૨૭૦ |
| ૫ | ઘઉં | ૫૧૧ | ૫૫૯ |
| ૬ | ચણા | ૯૧૯ | ૧૧૫૧ |
| ૭ | સોયાબીન | ૮૮૫ | ૯૬૫ |
| ૮ | મગ | ૧૫૨૦ | ૧૭૦૦ |
| ૯ | અડદ | ૧૩૫૦ | ૧૮૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૯૦ |
| ૨ | ચણા | ૧૦૨૬ | ૧૪૦૧ |
| ૩ | મગ | ૧૪૦૩ | ૧૮૩૫ |
| ૪ | સોયાબીન | ૮૮૩ | ૯૪૯ |
| ૫ | અડદ | ૧૨૩૫ | ૧૯૦૧ |
| ૬ | મગફળી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૭ | જુવાર | ૧૧૧૨ | ૧૧૭૧ |
| ૮ | ઘઉં લોકવન | ૫૩૯ | ૫૪૭ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૪૭ | ૫૪૯ |
| ૧૦ | લસણ | ૩૧૦૦ | ૩૧૫૦ |
| ૧૧ | ધાણા | ૧૩૨૦ | ૧૫૧૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૧૩ | ડુંગળી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૩૦૩૦ | ૩૧૬૧ |
| ૧૫ | બાજરો | ૪૮૫ | ૪૯૦ |
| ૧૬ | તલ કાળા | ૧૯૨૦ | ૧૯૨૦ |
| ૧૭ | રજકાબી | ૩૬૦૫ | ૪૦૦૦ |
| ૧૮ | ચણા સફેદ | ૧૧૬૪ | ૧૪૦૭ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૪૭૪ |
| ૨ | મગફળી | ૧૦૧૧ | ૧૩૦૧ |
| ૩ | ઘઉં | ૫૪૨ | ૫૭૭ |
| ૪ | ચણા | ૧૦૫૧ | ૧૧૫૧ |
| ૫ | ધાણા | ૧૩૭૬ | ૧૩૭૬ |
| ૬ | સોયાબીન | ૮૫૧ | ૯૦૮ |
| ૭ | શીંગદાણા | ૧૭૫૦ | ૧૭૭૬ |
| ૮ | મેથી | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ૯ | તલ | ૩૧૦૦ | ૩૧૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૩૯૦ |
| ૨ | તલ સફેદ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| ૩ | કપાસ | ૧૧૦૦ | ૧૪૮૦ |
| ૪ | બાજરો | ૪૩૬ | ૫૫૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૭૩૬ |
| ૬ | જુવાર | ૬૦૦ | ૧૩૦૧ |
| ૭ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૮ | મગ | ૧૮૭૪ | ૨૪૫૦ |
| ૯ | મઠ | ૧૫૨૫ | ૧૬૦૦ |
| ૧૦ | અડદ | ૨૨૫૧ | ૨૩૫૦ |
| ૧૧ | ચણા | ૮૨૫ | ૧૧૦૦ |
| ૧૨ | ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૪ | સોયાબીન | ૮૦૦ | ૯૪૦ |

# ચીનમાં હાહાકાર મચાવેલ વાઈરસ તાવે, ભારતમાં...............??

ચીનના બેઈજિંગ અને ઉતરચીન માં અસંખ્ય બાળકો ઝપેટમાં આવ્યા છે અને દવાખાનાઓ બાળ દર્દીઓ થી ઉભરાઈ રહ્યા છે.

**આ પ્રકારનો 'તાવ' શું છે ?**

આ તાવમાં ફેફસામાં સોજો આવે છે, ત્રણ દિવસ સુધી વધુ તાવ આવે છે , ‌શ્વાસ લેવામા તકલીફ, છાતી ઘમણ ની જેમ ફુલે,કફ,ઉધરસ, નબળાઈ જેવા લક્ષણો જોવા મળે છે

ચીનમાં બાળકોની સારવાર થઈ રહી છે , દર્દીઓ ની સંખ્યા વધુ હોવાથી દવાખાનાં ભરચક્ક છે. આ માટે દવાઓ ઉપલબ્ધ છે , વેકિસન પણ ઉપલબ્ધ છે તેથી સારવાર પણ કઠિન નથી. યોગ્ય સારવાર થઈ આ ફલુ માં રાહત મળે છે. આ ફલુનો વાઈરસ HN પ્રકારના છે H હિમેગલુટાનીન. N ન્યુરામિનીડેઝ છે જે વાઈરસ ના કવચ છે આને વાઈરસ ના જનીન દ્રવ્ય RNA ફરતે હોય છે જે રક્ષણ ઉપરાંત મનુષ્ય કોષમાં દાખલ થવા ઉપયોગી છે. વાઈરસ મનુષ્ય કોષમાં પોતાનું જનીન દ્રવ્ય દાખલ કરી આપણા જ કોષના દ્રવ્યો નો ઉપયોગ કરી પોતાની અનેક નકલ બનાવી સંખ્યામાં વૃદ્ધિ કરે છે. આ વાઈરસ ના મુખ્ય વાહકો તરીકે કેટલાક જળ ચર પક્ષીઓ, ચામાચીડિયું , મરઘાં poultry, વગેરે છે. ચેપી દર્દીના ગળફા , છીંક ,ઉધરસ દ્વારા અન્યત્ર ફેલાય છે, છીંક ઉધરસ ના છીનટા હવામાં ધુળ ,રજકણ વગેરે પર સ્થાપિત થઈ ને વહન પામી રોગ નો ફેલાવો કરે છે. આ વાઈરસ નવો નથી ૧૯૯૭ થી અસરકર્તા છે ભારત માં HN પ્રકારના વાઈરસ ૨૦૦૯ માં સ્વાઈન ફલૂ તરીકે અસરકર્તા હતો. ભારતીય સંસ્કૃતિ માં સૂંઠ મરી, તુલસી પત્ર, હળદર, તજ, લવિંગ અજમો,આદું વગેરે નો રોજીંદા ઉપયોગ થાય છે તેમજ આપણી રોગપ્રતિકારક શકિત પણ સારી છે. શિયાળામાં તાવ ઉધરસ વગેરે જોવા મળે છે. વિશેષ ચિંતા કરવી નહીં કોઈ બિન અધિકૃત મેસેજ ધ્યાનમાં લેવા નહીં. ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા તકેદારી માટે આગોતરૂં આયોજન કરવામાં આવ્યું છે, વિશેષ કાળજી ના ભાગ રૂપે છે. આ પ્રકારના તાવ ન્યૂમોનિયા માટે ની તમામ ઔષધિ અને વેકિસન પણ ઉપલબ્ધ છે.

**ઉધરસ તાવ વાળા બાળકોને શાળામાં ન મોકલવા**

ઘરમાં સૂંઠ મરી હળદર અજમો ગોળ ની ગોળી બનાવી ને યોગ્ય માત્રામાં લેવાથી ફાયદો થશે, તુલસીજી ને વંદન કરી તેના ત્રણ થી ચાર પત્ર આરોગવા હીતાવહ છે. કોઈપણ પરિસ્થિતિમાં સરકાર શ્રી ની સૂચના ઓ ધ્યાન માં લેવી ભય નહીં આરોગ્ય સેવાઓ પર ભરોસો રાખીએ.

**બિપીન જોશી (જીવશાસ્ત્રી)**
**મો. ૯૪૨૭૨૩૦૬૮૩–અમરેલી**

## પ્રકૃતિ, ઈશ્વરની પ્રતિકૃતિ

# ૨ ડીસેમ્બર : રાષ્ટ્રીય પ્રદુષણ નિયંત્રણ દિવસ

## પ્લાસ્ટિકનો તિરસ્કાર, પર્યાવરણનો પુરસ્કાર



પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે. ગ્લોબલ વાર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવું વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. આ સમસ્યાઓનું મૂળ તો મુખ્યત્વે પ્રદુષણ જ રહે છે. જળ , જમીન,વાયુ અને હવે તો લાઈટ અને નોઈસ પોલ્યુશન પણ એટલાં જ ચર્ચાઓમાં છે. આપણે આપણું જીવન સરળ બનાવવા માટે વિવિધ ઉપકરણોનો ઉપયોગ કરીએ છીએ. આ સાધનો આપણી જીવન શૈલી તો સુધારે છે પણ જીવન જીવવાની પદ્ધતિને વિખેરી જાય છે. આમાંથી પ્લાસ્ટિકની સમસ્યા ઘણી મોટી સમસ્યા પુરવાર થઈ છે.

પ્લાસ્ટિક એ આજની સેથી વધુ વપરાતી સામગ્રીમાંની એક છે. આજે પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણે રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજિંદી પ્રવૃત્તિઓથી સંબંધિત બધી પ્રવૃત્તિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે.

મોબાઈલ, ટીવી, ફ્રિજ, એસી, ખુરશી, ટેબલ, કમ્પ્યુટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટીક એ નાશ ન થઈ શકે તેવું પ્રદૂષણ છે અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે કે સમસ્ત પયાવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેકી દીધેલી પ્લાસ્ટીકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ પણ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પણ પ્લાસ્ટીક જેમનું તેમ રહે છે.

પ્લાસ્ટીકનો નાશ થતાં ઘણા વર્ષ લાગે છે. તેને બાળવાથી પણ તે પયાવરણમાં ડાયોકસીન સહિત હાનિકારક વાયુઓ છોડે છે. પર્યાવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે.

જાગૃત નાગરિક તરીકે પર્યાવરણ અને આરોગ્ય માટે ખુબ જ હાનિકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ટાળીને દરેક વ્યકિ પયાવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગનાં સમયની માંગ છે. માટે જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. પર્યાવરણની જાળવણીમાં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જયાં ઈલેક્ટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે.

વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો એષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા–પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષો ધરતીની શોભા છે.વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજજડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનું ઉત્પાદન કરે છે, ૩૫ રૂપિયાના પ્રદુષણનું નિયંત્રણ, ૩ કિલો કાર્બનડાયોકસાઈડનું શોષણ, ૪૧ લાખ રૂપિયાના પાણીનું રીસાયકલીંગ, ૩% તાપમાનમાં ઘટાડો કરે છે. એક વયસ્ક વ્યકિદ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણ ને ૩૦૦ ઝાડ મળીને શોષી શકે છે.

આ દિવસથી જ વન અને વન્યજીવો પ્રત્યે સેમાં કઢણા ઉત્પન્ન થાય તેમજ પર્યાવરણીય સંપત્તિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી પરના સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે. રોજબરોજની જીંદગીમાં પર્યાવરણની જાળવણી કરવા માટે કેટલાક ઉપાયો થઈ શકે છે.

- જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ.
- પાણીનો બગાડ ન કરવો જોઈએ. પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીને
- કાપડની થેલીઓનો ઉપયોગ કરવો જોઈએ.
- વીજળી, પેટ્રોલ – ડીઝલ બચાવવું જોઈએ.
- કુદરત સાથે સકારાત્મક સંબંધ ધરાવતી ટેકિનકસ તથા એસેસરીઝનો ઉપયોગ કરવો જોઈએ. જેમ કે, ખેતરમાં ફર્ટીલાઈઝરની જગ્યાએ જૈવિક ખાતરનો ઉપયોગ કરો.
- શાકાહાર અપનાવવું જોઈએ.

– **મિત્તલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## રાજ્યને પ્રદુષણ મુક્ત કરવા અનોખી પહેલ

# ગુજરાત સરકારે પ્રદૂષણ અટકાવવા અનેકવિધ નવતર પહેલ હાથ ધરી

## વેસ્ટ રીસાયક્લીંગ તથા ગંદા પાણીનું શુદ્ધિકરણ કરી પુનઃ વપરાશ વગેરે કાર્યોને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે

ગાંધીનગર,તા.૧

ગુજરાત સરકારે પ્રદૂષણ અટકાવવા અનેકવિધ નવતર પહેલ હાથ ધરી છે. હવા પ્રદૂષણ માટે ઉદ્યોગોની સાથે સાથે ટ્રાન્સપોર્ટેશન વગેરે પરિબળો જવાબદાર હોવાથી તમામને સાંકળી રાજયના અમદાવાદ,સુરત, વડોદરા અને રાજકોટ એમ મુખ્ય ચાર શહેરોમાં 'નેશનલ કલીન એર પ્રોગ્રામ'-NCAPનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જે અંર્તગત ગ્રીનબેલ્ટ ડેવલોપમેન્ટ, હવાની ગુણવત્તા માપણીના સાધનો, ગ્રીન ટ્રાન્સપોર્ટ, ઉદ્યોગોમાં ક્લીન ફ્યુઅલનો વપરાશ વગેરે પર રાજ્ય સરકાર દ્વારા સવિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે. સરક્યુલર ઈકોનોમીના અભિગમને પ્રાધાન્ય આપવા કચરાનો પુનઃવપરાશ,વેસ્ટ રીસાયક્લીંગ તથા ગંદા પાણીનું શુદ્ધિકરણ કરી પુનઃવપરાશ વગેરે કાર્યોને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. આ સાથે ઉદ્યોગો, ઔદ્યોગિક એસોસીએશન વગેરેનું કેપેસીટી બિલ્ડીંગ તથા જન જાગૃતિના કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યાં છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા નવીનત્તમ ટેકનોલોજી થકી પ્રદૂષણ નિયંત્રણ માટે વિવિધ પ્રોજેક્ટ પણ હાથ ધરવામાં આવ્યા રહ્યા છે, જે પૈકી પાર્ટીક્યુલેટ મેટર-સૂક્ષ્મ કણો નિયંત્રણ માટે પ્રથમવાર સુરત તથા અમદાવાદમાં કાર્યરત 'એમિશન ટ્રેડીંગ સ્કીમ' પાયલોટ પ્રોજેક્ટ, જોખમી કચરાના પરિવહન દરમિયાન ટ્રેકિંગ માટે કાર્યરત GPS આધારીત વ્હીકલ લોકેશન ટ્રેકીંગ સિસ્ટમ-VLTS, કોમન મલ્ટીપલ ઈફેક્ટ ઈવેપોરેટર્સ-MEE, સ્પ્રે ડ્રાયર માટે મેનીફેસ્ટ સિસ્ટમ તથા કોમન સ્પ્રે ડ્રાયર માટે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે. સમગ્ર દેશમાં જોખમી કચરાના હેરફેર માટે VLTS સિસ્ટમ ઊભી કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય હોવાના પરિણામે આ VLTSને વર્ષ ૨૦૨૩માં પર્યાવરણ ક્ષેત્રની કામગીરી માટે 'સ્કોચ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. વધુમાં બાયસેગ સાથે સંકલન કરી GIS ટુલ બનાવાયુ છે જે નવા ઉદ્યોગો માટે સાઈટીંગ ક્રાઈટેરીયા મુજબ ઉદ્યોગને મંજૂરી આપી શકાય કે કેમ તે અંગેનો નિર્ણય કરવામાં સહાયરૂપ છે. સરકાર દ્વારા પેપરલેસ ઓફીસની દિશામાં આગળ વધવા માટી-સરકાર જેવી ઓનલાઈન સીસ્ટમ વિકસાવાઈ છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ માત્ર નિયમનકાર તરીકે જ નહિ પરંતુ સુવિધાપ્રદાતા તરીકેની અસરકારક ભૂમિકા ભજવે છે. રાજ્યમાં વિવિધ વિસ્તારના પ્રદૂષણને લગતી સમસ્યાઓના નિવારણ તેમજ તેના સમાધાન માટે બોર્ડે 'પર્યાવરણીય ક્લિનીક'' તથા ''ઓપન હાઉસ''નો નવતર અભિગમ અપનાવ્યો છે. લઘુ તથા મધ્યમ પ્રકારના એકમોને એક્ષજીએનને લગતી બાબતોમાં સરળતા પ્રદાન કરવા બોર્ડની તમામ પ્રાદેશિક કચેરીઓ તથા વડી કચેરી ખાતે સહાયતા કેન્દ્ર દ્વારા નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે છે. ગુજરાત પ્રદૂષણ બોર્ડ એ ક્લીનર પ્રોડકશન સેન્ટર સાથે સંકલનમાં રહીને પ્રદૂષણ અટકાવવા અને સ્ત્રોત પર પ્રદૂષણના નિયંત્રણ માટે પણ કામ કરે છે. કાપડ ક્ષેત્ર માટે શ્રેષ્ઠ ઉપલબ્ધ ટેકનોલોજી સંદર્ભે દસ્તાવેજો વિકસાવવા જર્મન સરકારની ફેડરલ એજન્સી યુ.બી.એ સાથેનો નવતર અભિગમ છે.ગુજરાત સરકાર દ્વારા પર્યાવરણીય સુરક્ષાની સાથે સસ્ટેનેબલ ડેવલોપમેન્ટને ધ્યાને લઈ પર્યાવરણની સુરક્ષા માટેના ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભા કરવા તથા નવીનત્તમ ટેકનોલોજીના વપરાશ ઉપર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

પર્યાવરણીય સુરક્ષા તથા આપણી આગામી પેઢીને શુધ્ધ હવા, પાણી તથા જમીન આપવા માટે દેશના તમામ નાગરિકોએ યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ આપણા શાસ્ત્રોમાં પણ પ્રકૃતિની રક્ષા કરવા પર ભાર મૂકાયો છે

# સા.કુંડલા : નૂતન સત્રનાં પ્રારંભે સનરાઈઝસ્કૂલનાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ + ૧૫૦ સ્ટાફ દ્વારા "NO PLASTIC"... "BYE BYE PLASTIC" મિશનનો પ્રારંભ કરવામાં આવ્યો

સાવરકુંડલા, તા. ૧

સામાન્ય રીતે લોકો નુતન વર્ષના પારંભે કોઈક સારો નિયમ, સંકલ્પ, વ્રત, પ્રતિજ્ઞા કે જે જીવનમાં ઉપયોગી નીવડે તે લેતા હોય છે અથવા તો માતા–પિતા કે ધર્મગુરૂ આવું વ્રત – નિયમ–સંકલ્પ પાળવા માટે સલાહ આપતા હોય છે. આજે જયારે તમામ શાળાઓમાં નવા વર્ષે બીજા નુતન સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે સાવરકુંડલાની સુવિખ્યાત શાળા સનરાઈઝ બાલમંદિર, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા તથા ઉચ્ચતર માપ્રયમિક શાળાના સંચાલક મંડળ શ્રી સૂર્યોદય કેળવણી અને સાંસ્કૃતિક મંડળના મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ દ્વારા તમામે તમામ વિદ્યાર્થીઓ વાલીઓ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક તમામ સ્ટાફ પાસે એક નૂતન સંકલ્પ લેવડાવ્યો હતો.

જેમાં 'તમામે જીવનમાં, NO PLASTIC અભિગમ અપનાવવો વ્યવહારમાં જયાં સુધી શક્ય હોય ત્યાં સુધી પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો પ્લાસ્ટિક તો અમુક વર્ષોથી જ આવ્યું છે. આ પહેલાં આપણું જીવન ખૂબ જ સરસ પ્લાસ્ટિકના ઉપયોગ વગર પણ ચાલતું જ હતું એટલે પ્લાસ્ટિક અનિવાર્ય નથી..'

સ્કૂલના કેમ્પસમાં તો જડબેસલાક પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આખા બિલ્ડિંગને, NO PLASTIC ZONE જાહેર કરવામાં આવેલ છે.કોઈપણ વિદ્યાર્થી કે સ્ટાફ શાળામાં.. પ્લાસ્ટિક રેપર વાળી ચોકલેટ, પીપરમેન્ટ, બિસ્કીટ, વેફર અથવા જે કોઈપણ નાસ્તાની વસ્તુઓ પ્લાસ્ટિક પેકિંગમાં આવે છે તે લાવી શકશે નહીં. આ માટે સખત મનાઈ કરવામાં આવી છે. શાળામાં પોતાના ટિફિન બોકસમાં ઘરે બનાવેલી જ ખાવાની વિવિધ વાનગીઓ લાવી શકાશે, જેમાં સુખડી, માંડવી પાક, પેંડા, સૂકીભાજી, બટેટા પૌવા, સેવ મમરા, તમામ પ્રકારના ફળો, કઠોળ જેમાં મગ, ચણા, વટાણા તથા દાળિયા, ઘરે તળેલી વેફર, ભૂંગળા વગેરે લાવી શકાશે.

બજારમાં મળતા હલકી કક્ષાના બબલા કે ભૂંગળા કે રમકડાં લાવવા ઉપર સખત પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.

બાળકોના આરોગ્યને હાનિકારક ખાણીપીણીની તમામ ચીજ વસ્તુઓ લાવવા મનાઈ કરવામાં આવેલ છે બાળકો વધુને વધુ ઘરે બનાવેલ વાનગીઓ તરફ વળે તે હેતુ પણ આ નુતન સંકલ્પમાં સિદ્ધ થાય છે. આજે સત્રના બીજા સત્રના પ્રારંભિક દિવસે શાળાના તમામ વિભાગના ૧૫૦૦ વિદ્યાર્થીઓ સહિત ૧૫૦ જેટલા શૈક્ષણિક, બિન શૈક્ષણિક સ્ટાફ દ્વારા સામુહિક રીતે BYE BYE PLASTIC.. સંકલ્પનો પ્રારંભ કર્યો હતો. આ તબક્કે સંસ્થાની પોતાની નાસ્તાની કેન્ટીનમાં પણ હવેથી પ્લાસ્ટિક પેકિંગ સિવાયનો જ આરોગ્યપ્રદ નાસ્તો જ મળશે. તેમ કેન્ટીન ઈન્ચાર્જ મહેન્દ્રભાઈ પડાયાએ જણાવેલ છે.

## લગ્નના થોડા દિવસ પહેલા જ મોતથી પરિવારમાં માતમ

# પાલિતાણાના ૨૯ વર્ષિય યુવકનું હાર્ટ એટેકથી મોત

ભાવનગર,તા.૧

ભાવનગરમાં વધુ એક યુવકનું હાર્ટ એટેકથી મોત થયુ છે. લગ્નના થોડા દિવસ પહેલા જ મોત થતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. પાલિતાણાના ૨૯ વર્ષિય યુવકને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. જેમા તેનુ સારવાર દરમિયાન મોત થયુ હતુ.

રાજ્યમાં હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત છે. ભાવનગરમાં વધુ એક યુવકનું હાર્ટ એટેકથી મોત થયું છે.થોડા દિવસ બાદ જ યુવકના લગ્ન લેવાવાના હતા. એ પહેલા જ હાર્ટએટેકથી મૃત્યુ થયુ છે. યુવકના લગ્નને બદલે ઘરેથી અર્થી ઉઠતા પરિવારજનોમાં માતમ છવાયો છે.

ભાવનગરના પાલિતાણાના ૨૯ વર્ષીય યુવકને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. આથી સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ યુવકને સારવાર મળે તે પહેલા જ દમ તોડ્યો હતો. લગ્નના થોડા દિવસ પહેલા જ યુવકનું અણધાર્યું મોત થતાં પરિવાર સહિત સમગ્ર ગામમાં માતમ છવાયો છે.

આ તરફ જામનગરમાં પણ જાણીતી ફરસાણ પેઢીના માલિકના પુત્રનું હાર્ટ એટેકથી મોત થયુ છે. યુવક અચાનક દુકાનમાં ઢળી પડ્યા બાદ મોત થયુ હતુ. જૈન વિજય ફરસાણના માલિકના ૨૪ વર્ષિય પુત્રનું હાર્ટએટેકથી મોત થયુ છે.

## થઈ શકે છે ઘાતક બીમારી

# બાળકને સૌથી પહેલા કફ સાથે ઉધરસ, તાવ, શરદી થાય છે

## નવો વાયરસ ચીનના ઉત્તર પ્રાંતમાં આવેલા બેઈજિંગ અને લિયાઓનિંગ થી ફેલાયો છે, આ વાયરસની અસર નાના બાળકોને થઈ રહી છે

અમદાવાદ, તા.૧

હાલ ચીનમાં ફેલાયેલો ન્યુમોનિયાના લક્ષણો ધરાવતો નવો વાયરલ વાયરસ દુનિયાની ચિંતાનું કારણ બન્યો છે. અત્યાર સુધીમાં આ રોગની ઝપેટમાં લગભગ હજારો બાળકો આવી ચૂક્યા છે. ત્યારે આ નવો વાયરસ કેવી રીતે ફેલાય છે, તેના લક્ષણો શું છે અને આ વાયરસ કોવિડની જેમ જીવલેણ બની શકે કે કેમ? તે વિશે સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટે વિગતવાર માહિતી આપી હતી.

આ નવો વાયરસ ચીનના ઉત્તર પ્રાંતમાં આવેલા બેઈજિંગ અને લિયાઓનિંગથી ફેલાયો છે.આ ફેલાતા વાયરસની સૌથી વધુ અસર નાના બાળકોને થઈ રહી છે. જેમાં ન્યુમોનિયાની અસર જોવા મળે છે. ત્યારબાદ આ બીમારી ગંભીર બનતી જાય છે. જેના લીધે બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ પડે છે. કેન્દ્ર સરકાર, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સૌપ્રથમ બાળકને કફ સાથે ઉધરસ, તાવ, શરદી થાય છે. અને ત્યારબાદ આ વાયરસ ન્યુમોનિયામાં ફેરવાઈ બાળકોને ગંભીર રીતે અસર કરે છે. જેમાં શ્વાસ લેવામાં તકલીફ પડવી, ખાંસી વગરનો તાવ આવવો, ફેફસામાં સોજો આવવો, છાતીમાં દુખાવો, થાક લાગવો, શરીરનું તાપમાન વધી જવું, ફેફસાંમાં ગાંઠ બની જવી મહત્વના લક્ષણો છે. આ સિવાય ન્યુમોનિયા અને ફલૂ જેવા રોગ થઈ શકે છે.

આ વાયરસથી બચવા માટે લોકોએ અને ખાસ કરીને બાળકોએ વારંવાર હાથ ધોવા. બહાર જતી વખતે માસ્ક પહેરવું. બાળકોને ભીડભાડવાળી જગ્યાએ ન લઈ જવા. સામાન્યમાં સામાન્ય બીમારી જેવું લાગે તો તરત જ ડોક્ટરને બતાવવું અને જરૂરી સારવાર કરાવી દવા લેવી. સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું. પસંદગીયુકત સંસર્ગનિષેધમાં રહેવું.ડોકટરની સલાહ મુજબ ઈન્ફલ્યુએન્ઝા, કોવિડ-૧૯ અને અન્ય શ્વસન સંબંધિત રસી સમયસર લેવી. બીમાર લોકોથી દૂર રહેવું. બીમાર હોય ત્યારે ઘરે રહેવું. શ્વસન સંબંધિત બીમારીવાળી વ્યક્તિએ મુસાફરી કરવાનું ટાળવું.

ડોક્ટરની સલાહ મુજબ એન્ટિ વાયરલ દવાઓ લેવી. તથા વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન સંસ્થાની નવી સૂચનાઓનું પાલન કરવું. હાલ ભારતમાં આ વાયરસના ફેલાવાનું જોખમ ઘણું ઓછું છે. પરંતુ તેના પ્રત્યે ગંભીરતા દાખવવી જરૂરી છે.

જો કે ભારત સરકાર ચીનમાં બાળકોમાં ઊભરેલા કેસ અને શ્વસન સંબંધિત રોગોના ફાટી નીકળવાની સ્થિતિ પર નજર રાખી રહી છે. તથા તેના નિવારણ માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે. આ સિવાય મંત્રાલય પણ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

# બાઢડા ખાતે નેનો યુરિયા છંટકાવ માટે ડ્રોન ફલાઈટનાં ઉપયોગનું નિદર્શન યોજાયું










લાભથી વંચિત હોય તેવા લાભાર્થીઓને વિવિધ યોજનાકીય સહાયનો લાભ મળી રહે તે માટે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. લાભાર્થીઓને વધુમાં વધુ લાભ મળી રહે અને તેમના જીવનધોરણમાં પરિવર્તન આવે, તેમની આર્થિક અને સામાજિક ઉન્નતિ થાય તેવા હેતુ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ છે.' વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સાવરકુંડલા તાલુકાના બાઢડા ખાતે યોજાયેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં નેનો યુરિયા છંટકાવ માટે ડ્રોન ફ્લાઈટના ઉપયોગનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ નિદર્શનમાં સાંસદ નારણભાઈ કાછડીયા, સાવરકુંડલા–લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, કાર્યકારી કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ તેમજ ખેડુતો સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના તરઘરી, ધારી તાલુકાના ગોપાલગ્રામ અને બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચી હતી. જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગ્રામજનોએ પ્રધાનમંત્રીના પ્રવચનને નિહાળ્યું હતુ અને વિવિધ યોજનાકીય સહાયનો લાભ મેળવવા અંગેની વિગતો અને માર્ગદર્શન મેળવ્યું હતું.

# દીકરી મારી લાડકવાયી લક્ષ્મીનો અવતાર, તે સુવે તો રાત પડે ને જાગે તો સવાર

# ‘બેટી બચાવો, બેટી વધાવો’ સુત્રને ચરિતાર્થ કરતા ભામાશા

સમગ્ર દેશમાં નારી શક્તિને વંદન કરવાનાં કાર્યક્રમ તેમજ બેટી બચાવો અભિયાન ચાલી રહ્યું છે તેવા સમયે ઉમદા કાર્ય

ભામાશાનાં કેનેડા સ્થિત પુત્ર વૈભવ અને પુત્રવધુ મોનાલીસાનાં આંગણે ૨૪ નવેમ્બરનાં રોજ પુત્રી આધ્યાનો જન્મ થયો

ચમારડીનાં વસ્તરપરા પરિવારમાં વધુ એક પુત્રીનો જન્મ થતાં સમગ્ર પરિવાર ખૂશીથી ઝૂમી ઉઠયો

ચમારડીનાં રાધે ફાર્મ ખાતે ૧૧૦૦ કિલો શુધ્ધ ઘીની જલેબી બનાવીને ઘરે-ઘરે વિતરણ કર્યુ







અમરેલી, તા. ૧

આજે સમગ્ર દેશમાં નારી શકિતને વંદન, મહિલા સશકિતકરણ અભિયાન અને "બેટી બચાવો, બેટી વધાવો" જેવા નારા લાગી રહ્યાં છે. તેવા સમયે બાબરાનાં ચમારડી ગામનાં વતની અને સુરત સ્થિત ભામાશા અને સમૂહલગ્નનાં પ્રણેતા ગોપાલભાઈ વસ્તરપરાનાં આંગણે પૌત્રીનો જન્મ થતાં તેની ખૂશાલીમાં ૧૧૦૦ કિલો જલેબીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે.

ચમારડી ખાતે ૬૦૦ થી ૭૦૦ કન્યાનાં પિતા બનીને સમૂહલગ્ન કરાવનાર ગોપાલભાઈ વસ્તરપરાને દીકરીઓ પર અપાર સ્નેહ છે અને તેઓનો પરિવાર પણ દીકરી પ્રેમી છે. ૨૪ નવેમ્બરનાં રોજ ગોપાલભાઈ વસ્તરપરાનાં કેનેડા સ્થિત પુત્ર વૈભવ અને પુત્રવધુ મોનાલીસાનાં આંગણે દીકરી "આધ્યા"નો જન્મ થતાં સમગ્ર વસ્તરપરા પરિવાર ખૂશીથી ઝૂંમી ઉઠયો હતો અને આંગણે વ્હાલનાં દરિયા જેવી દીકરીનો જન્મ થયાની ખુશાલીમાં ૧૧૦૦ કિલો શુધ્ધ ઘીની જલેબી ચમારડીનાં "રાધે ફાર્મ" ખાતે બનાવીને તેનું ગામમાં ઘરે-ઘરે વિતરણ કાર્ય શરૂ કર્યુ હતું અને દીકરી એ તુલસીનો કયારો છે, દીકરી એ એક નહી બબ્બે કુળની તારણહાર હોવાનો સંદેશ આપ્યો હતો.

### સબ ભૂમિ ગોપાલ કી સમજી પગપેસારો કર્યો

## રાજુલાનાં કુંભારીયામાં ગેરકાયદેસર રીતે જમીનમાં કબજો કરનાર સામે ફરિયાદ નોંધાઈ

### ડુંગર પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી


અમરેલી, તા. ૧

હાલ રહે. મુંબઈ અને મુળ રહે. દેવકા (તા.રાજુલા) વાલજીભાઈ આતાભાઈ ચૌહાણની કુંભારીયા ગામની સીમમા રેવન્યુ ખાતા નં. ૧૬૨ સર્વે નં-૪૨૮ (જુના સર્વેનં-૧૧૦/૧ પૈકી ૭) ક્ષેત્રફળ હે. આરે. ચો.મી. ૨-૧૫-૫૦ ની જમીનના આરોપી કરશનભાઈ હરજીભાઈ ચૌહાણ, ભાવેશભાઈ કરશનભાઈ ચૌહાણ, લાલજીભાઈ ઉર્ફે લાલાભાઈ કરશનભાઈ ચૌહાણ રહે. દેવકા (તા. રાજુલા) તથા માવજીભાઈ હરજીભાઈ ચૌહાણ, મઘુભાઈ માવજીભાઈ ચૌહાણ તથા પ્રવિણભાઈ માવજીભાઈ ચૌહાણ રહે. કુંભારીયા (તા. રાજુલા) પાસે કોઈ આધાર પુરાવા ન હોવા છતા વાલજીભાઈની જમીનમાં છેલ્લા એક વર્ષથી ગે.કા. કબ્જો કરી.વાલજીભાઈએ અવાર નવાર કબ્જો ખાલી કરવા જણાવવા છતા આરોપીઓ એ તેમની જમીનનો કબ્જો ખાલી ન કરી મારી નાખવાની ધમકી આપી. આજદિન સુધી ગેરકાયદેશર કબ્જો રાખી વાવેતર કરી ઉપજ મેળવી ગુન્હો કર્યા અંગેની ડુંગર પોલીસમાં ફરિયાદ નોંધાયેલ છે.

### રૂપિયા ૧:૩૫ લાખનાં મુદ્દામાલની ઉઠાંતરી થઈ હતી

## અમરેલીનાં નાના આંકડીયા ગામે થયેલ ચોરીનો ભેદ ક્રાઈમ બ્રાન્ચે ખોલી નાખ્યો

### વધુ તપાસ તાલુકા પોલીસે શરૂ કરી



અમરેલી, તા. ૧

અમરેલી તાલુકાના નાના આંકડીયા ગામે રહેતા અને મુળ દાહોદ જિલ્લાના વતની અને જીતેન્દ્રભાઈ બાબભાઈ ગામીની નાના આંકડીયા ગામની સીમમાં આવેલ વાડીમાં રહી, ખેતી કામ કરતા જોગડાભાઈ ભીમજીભાઈ ભુરીયા, નામના ૬૩ વર્ષિય વ્રુધ્ધ ગત તા. ૨૧/૮/૨૩ નાં રોજ રાત્રે ૧૧ થી તા.૨૨/૮/૨૩ ના સવારે ૬ વાગ્યા દરમિયાન વાડીમાં આવેલ મકાનના રૂમમાં રાખેલ રોકડા રૂપિયા ૯૬,૦૦૦ તથા ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૩૩,૫૦૦ મળી કુલ રૂપિયા

અનુસંધાન પાના ૬ ઉપર

### તબીબ દંપત્તિની ૭૫ વર્ષની પ્રેમ કહાનીનાં એક પાત્રની વસમી વિદાય

## સા.કુંડલા પંથકમાં ૭૫ વર્ષની મેડિકલ પ્રેકટીશમાં એક પણ સિઝેરીયન ન કરનાર ગાયનેક મહિલા તબીબની વિદાય

### પૂ. પાંડુરંગ શાસ્ત્રીજીનાં વિચારોનું જીવન જીવીને અનેકની મદદ કરી

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૧

સૌરાષ્ટ્ર અને એમાંય ખાસ કરીને બાબરીયાવાડનો આખો દરિયાકિનારો સાથોસાથ જાફરાબાદ ખારવા વિસ્તારમાં એક પણ ગામ એવું નહીં હોય કે જે ડોકટર વોરા દંપતીને ઓળખતું ન હોય.આજીવન પાંડુરંગ શાસ્ત્રીજીના વિચારોનું જીવન જીવીને સંપૂર્ણ સમર્પિત આ ડોકટર બેલડી પોતાનામાં ૭૫ વર્ષની પ્રેમ કહાની હૃદયમાં ધરબીને બેઠી છે, ત્યારે આજે આ બેલડીમાંથી ડોકટર ઉષાકાંત

અનુસંધાન પાના ૬ ઉપર



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગવાળા)
બદલો લેવા કરતા,
બદલાઇ જવામાં વધારે મજા છે...
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

### ફાઈવ ટ્રીલીયન ઈકોનોમીનાં દાવા વચ્ચે વાસ્તવિકતા

## અરેરાટી : નાના લીલીયાનાં ૨૨ વર્ષિય યુવકે આર્થિક સંકડામણથી કંટાળી ઝેર ગટગટાવ્યું

### બેરોજગારી, મોંઘવારી અને ગરીબીએ ઉપાડો લીધો

અમરેલી, તા. ૧

લીલીયા તાલુકાના નાના લીલીયા ગામે રહેતા મનોજભાઈ નાગજીભાઈ ગોઠડીયા નામના ૨૨ વર્ષિય યુવકની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી પોતે કંટાળી જઈ પોતે પોતાની મેળે ગત તા. ૨૯/૧૧ સવારના રોજ નવેક વાગ્યે નાના લીલીયા ગામે કોઈ ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમ્યાન મરણ ગયાનું લીલીયા પોલીસમાં જાહેર થવા પામેલ છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)